# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૮૩ | વિક્રમ સંવત ૨૦૮૦ : આસો વદ ૦૭ | પાના - ૧૦ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 83 • Dt. 24-10-2024 Thursday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

24 OCTOBER- 2024 THURSDAY




P.09

મારા પિતા સાથે ૧૭ વર્ષની ઉંમરે પ્રથમ વખત ચૂંટણી પ્રચારમાં જોડાઈ હતી



P.09

ઐશ્વર્યા રાયના ઘરે યોજાઈ પાર્ટી, અભિષેક ન પહોંચ્યો

ઇઝરાયેલે બેરૂતમાં બોમ્બ વરસાવ્યો ૧૨ થી વધુ લોકોના મોત; ૫૭ ઘાયલ

09





09

'દાના' ચક્રવાત : ઓડિશા અને બંગાળમાં લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના

## સૌથી વધુ ઝાલોદ નગરપાલિકાના રૂ. ૨૩૩.૮૩ કરોડ લેણા નીકળે છે

# રાજ્યની ૧૨૫ નગરપાલિકાની નાણાકીય સ્થિતિ અત્યંત ખરાબ | વીજળીના ૯૧૫ કરોડ લેણા

### નગરપાલિકા પાસે વોટર વર્કસ અને સ્ટ્રીટ લાઇટના વીજ બિલના ૮૪ લાખ રૂપિયા ભરવા માટેના પૈસા નહોતા એટલે નગરપાલિકાએ ૧ કરોડ રૂપિયાની લોન લીધી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૩ |

રાજ્યની ૧૨૫ નગરપાલિકાની નાણાકીય સ્થિતિ અત્યંત ખરાબ છે. આ સ્થિતિ એટલી ખરાબ છે કે તેમણે વીજળીના બાકી ૯૧૫ કરોડ રૂપિયા ભરવા માટે લોન લેવી પડે તેવી સ્થિતિ છે. તેમા સૌથી વધુ ઝાલોદ નગરપાલિકાના રૂ. ૨૩૩.૮૩ કરોડ લેણા નીકળે છે. જ્યારે તેના પછી વલ્લભીપુરના ૧૦૮.૩૮ કરોડ રૂપિયા લેણા નીકળે છે. આ સિવાય ખંભાતના રૂ. ૫૧.૧૪ કરોડ લેણા નીકળે છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાની જામખંભાળિયા નગરપાલિકાએ વીજળી બિલ ભરવા માટે લોન લેવી પડી! આ સાંભળીને ભલે થોડી નવાઈ લાગે પણ તે કડવી હકીકત છે. નગરપાલિકા પાસે વોટર વર્કસ અને સ્ટ્રીટ લાઈટના વીજ બિલના ૮૪





લાખ રૂપિયા ભરવા માટેના પૈસા નહોતા એટલે નગરપાલિકાએ ૧ કરોડ રૂપિયાની લોન લીધી. તળિયાઝાટક તિજોરીની આ સમસ્યા ફક્ત જામખંભાળિયા નગરપાલિકા પૂરતી જ સિમિત નથી. રાજ્યની ૧૨૫ નગરપાલિકા એવી છે જેને વીજળી બિલ ભરવાના પણ ફાંફાં છે. આ નગરપાલિકાઓ પાસેથી ૯૧૫ કરોડથી વધુની રકમ વસૂલ કરવાની બાકી છે.સામાન્ય લોકોના મનમાં એવો પ્રશ્ન ઉઠે કે અમે બિલ ન ભરીએ તો અમારૂં વીજ કનેક્શન તરત જ કપાઈ જાય છે તો પછી આવી નગરપાલિકા સામે કડક કાર્યવાહી કેમ નથી થતી? ખંભાળિયા નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલ કરમુરે જણાવ્યું હતું કે, નગરપાલિકાનું વીજ બિલ ૧ કરોડ રૂપિયા જેટલું બાકી છે પણ લોન મંજૂર થઈ ગઈ છે. ચેક આવશે એટલે બિલ ભરી દઈશું. સ્વભંડોળના અભાવના કારણે વીજ બિલ બાકી રહે છે. વેરાની ઓછી વસૂલાત અને વેરો ભરવા માટે લોકોમાં જાગૃતિ નથી એટલે ભંડોળનો અભાવ રહે છે. સૌથી વધુ આવક મિલકત વેરાની થાય છે, મહેકમ વિભાગમાં સૌથી વધુ ખર્ચ થાય છે.





















CMYK

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA

Ahmedabad, Thursday 24-10-2024



લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


### અરજદાર, કર્મચારી-અધિકારીએ પણ હેલ્મેટ પહેરવું પડશે

# અમદાવાદ આરટીઓમાં હેલ્મેટ વગર આવનારા લોકો સામે કાર્યવાહી કરાશે

**અમદાવાદ આરટીઓમાં રોજના મોટી સંખ્યામાં અરજદારો લાઈસન્સ, આર.સી. બુક સહિતના અનેક કામો માટે આવતા હોય છે**

। પ્રતિનિધિ, નવી દિલ્હી, તા.૨૩ ।

હવે અમદાવાદ આરટીઓ કચેરી ખાતે કોઈ કામકાજ માટે જવાનું થાય તો ટુ વ્હીલર પર ફરજિયાત હેલ્મેટ પહેરીને જજો. જો હેલ્મેટ વગર આરટીઓમાં ગયા તો તમારી સામે દંડની કાર્યવાહી કરાશે. અમદાવાદ આરટીઓએ આ અંગે કાર્યવાહી કરવા તમામ અધિકારીઓને સૂચના આપી છે. માત્ર અજદારો જ નહીં, પરંતુ આરટીઓ કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ હેલ્મેટ વગર કચેરી ખાતે આવશે તો તેમની સામે પણ કાર્યવાહી કરાશે. આમ, હવે રાજ્યની અન્ય કચેરીઓની જેમ અમદાવાદ આરટીઓ કચેરીએ પણ હેલ્મેટના કાયદાનો કડકાઈથી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ શહેર અને રાજ્યમાં વધતા જતાં






માર્ગ અકસ્માતો અને તેનાથી ગંભીર ઈજા તથા મૃત્યુના બનાવોને ધ્યાનમાં લેતા માર્ગ સલામતી લોકજાગૃતિ તથા ટ્રાફિક નિયમોનું પાલન જરૂરી છે. ટુવ્હીલર વાહનચાલકો માટે હેલ્મેટનો ઉપયોગના કાયદાનું પાલન ઉપરાંત વ્યક્તિની સુરક્ષા નિશ્ચિત કરે છે. જેના પરિણામે માર્ગ અકસ્માતો વખતે માથામાં થતી ગંભીર ઈજાઓ અને મૃત્યુની શક્યતામાં નોંધપાત્ર ઘટાડો કરી શકાય તેમ છે. હેલ્મેટના કાયદાને લઈને હાઈકોર્ટ દ્વારા સરકારને કડક ટકોર કરી હતી. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા પણ હવે આ કાયદાનો કડકાઈથી અમલ કરવા માટે કાર્યરત છે. જેના પગલે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી તાકીદને પગલે અમદાવાદ આરટીઓ કચેરીના તમામ કર્મચારીઓ અને અરજદારોને કાયદાનું પાલન કરવા આદેશ કરાયો છે. આરટીઓના તમામ કર્મચારીઓ અને અધિકારીઓ તથા આરટીઓ અમદાવાદ કચેરીની મુલાકાતે આવતા દરેક પ્રકારના અરજદારોએ પોતાના ટુ વ્હીલર સાથે હેલ્મેટ પહેરવી જરૂરી છે. આ નિયમનો ભંગ કરવામાં આવશે તો તે બદલ વાહનમાલિકો સામે કાયદેસરની કાર્યવાહી અથવા દંડની કાર્યવાહી હાથ ધરાશે. આ અંગે અમદાવાદ આરટીઓ દ્વારા તમામ અધિકારીઓને પરિપત્ર કરી સૂચના આપી છે. નોંધનીય છે કે, અમદાવાદ આરટીઓ કચેરી ખાતે રોજના મોટી સંખ્યામાં અરજદારો લાઈસન્સ, વાહનોના ફિટનેસ, આર.સી. બુક સહિતના અનેક કામો માટે આવતા હોય છે. જેમાં ઘણા અરજદારો હેલ્મેટ વગર જ વાહનો લઈને આવતા હોવાથી હવે તેમની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## કચ્છના માંડવીમાં બે બાળકો તલાવડીમાં ડૂબ્યા

। પ્રતિનિધિ, ભુજ,તા.૨૩ ।

માંડવીમાં બે માસૂમ બાળકો તલાવડીમાં ડૂબી જતાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. મારવાડા પરિવારના બે બાળકો ભેંસ ચરાવવા ગયાને તળાવમાં ડૂબી જતાં મોતને ભેટ્યા હોવાની ઘટના સામે આવી રહી છે.તલાવડીમાં ડૂબ્યા બે બાળકો : માંડવીના ન્યૂ મારવાડા વાસમાં રહેતા બે બાળકો ૧૨ વર્ષીય હીરજી મારવાડા તથા ૧૦ વર્ષીય ઓકેશ મનજી મારવાડા ભેંસો ચરાવવા માટે માંડવી-નલિયા રોડ પર આવેલા રોયલ વિલા બાજુ ગયા હતા. જોકે, ત્યાં આવેલ તલાવડીમાં બંને બાળકોના ડૂબી જવાથી મોત થતાં સમગ્ર પરિવાર અને ગામમાં ગમગીની છવાઈ હતી. બાળકો ડૂબ્યાના સમાચારથી ૧૦ વર્ષીય મૃતક ઓકેશના પિતા મનજીભાઈ પણ બેહોશ થઈ ગયા હતા.બાળકો ભેંસ સાથે ગયા હતા. મોડેથી ભેંસો રાબેતા મુજબ પાછી આવી ગઈ હતી, પરંતુ બાળકો પરત ન આવતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી.

## જૂનાગઢમાં ધોળા દિવસે છરીની અણીએ ૨૬.૮૦ લાખની લૂંટ

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૨૩ ।

સોમવારે જૂનાગઢમાં પાંચથી છ વાગ્યાનાના અરસામાં આંગડિયું કરવા આવેલા રાજકોટના ત્રણ યુવાનો પાસેથી ૨૬ લાખ ૮૦ હજારની રોકડ લઈને ત્રણ લૂંટારુ ફરાર થઈ ગયા હતા. લૂંટના સમગ્ર મામલામાં પોલીસે જૂનાગઢના રમીઝ યુસુફ અને સાહિલ નામના ત્રણ આરોપીને પકડી પાડીને રોકડ ૨૬ લાખ ૮૦ હજાર પરત મેળવ્યા છે. પોલીસ પકડમાં રહેલા ત્રણેય આરોપીની સાથે પોલીસે ફરિયાદીની પણ ઉલટ તપાસ શરૂ કરી છે.ગઈકાલે સાંજના પાંચથી છ વાગ્યાના અરસામાં જૂનાગઢના ચીતાખાના વિસ્તારમાં રાજકોટથી આંગડિયું કરવા આવેલા રમજાન ઉઠમના, મયુરસિંહ અને ઐયાના નામના ત્રણ ફરીયાદી પાસેથી જુનાગઢના રમીઝ, યુસુફ અને શાહીલ નામના ત્રણ ઈસમો એ છરી જેવા તિક્ષણ હથિયાર બતાવીને ૨૬ લાખ ૮૦ હજાર રોકડ ભરેલા થેલાની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતા.

## જયેશ રાદડિયાએ સૌરાષ્ટ્રના ખેડૂતોને નુકસાનીનું વળતર ચૂકવવા માંગ કરી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાતમાં પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોનો પાક નાશ પામ્યો છે, ધારાસભ્ય જયેશ રાદડિયાએ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને પત્ર લખીને વળતરની માંગ કરી છે, સૌથી વધુ નુકસાન સૌરાષ્ટ્રના ખેડૂતોને થયું છે અને વળતરની માંગ કરી છે.ધારાસભ્ય જયેશ રાદડિયા ખેડૂતો વચ્ચે પહોંચ્યા છે. ભારે વરસાદને કારણે મગફળી, કપાસ, સોયાબીન, તુવેર, તલ, મરચા જેવા પાકો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જેના કારણે ખેડૂતોને રોકડ રકમ ઉપરાંત તૈયાર પાક પણ ગુમાવવો પડ્યો છે. પૂર આવ્યું છે જેના કારણે પાક નાશ પામ્યો છે, આ પાકની સહાયની રકમ વહેલી તકે ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદને કારણે ખેડૂતોના પાક અને જમીનો ધોવાઈ ગયા હતા. જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. ત્યારે રાજ્ય સરકાર ભારે વરસાદને કારણે રાહત પેકેજ જાહેર કરશે. રાજ્ય સરકાર ખેડૂતોને આર્થિક મદદ કરે છે.

## સુરતમાંથી રોજ ૩૫૦થી વધુ ટ્રક માલ થાય છે સપ્લાય

। પ્રતિનિધિ, સુરત, તા.૨૩ ।

કોરોનાકાળ બાદ સતત મંદીના માહોલમાંથી પસાર થતાં સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને સામી દિવાળીએ ભારે તેજી છે. જ્યાં છેલ્લા આઠ વર્ષનો રેકોર્ડ આ દિવાળીએ તૂટવા જઈ રહ્યો છે. જેની પાછળનું કારણ અલગ અલગ રાજ્યમાંથી આવેલી કાપડ મંડીના વેપારીઓ દ્વારા દિવાળી, છઠ પૂજા અને લગ્નસરાની એડવાન્સ ખરીદી કરવામાં આવી રહી છે. જ્યાં પ્રતિદિવસ કાપડની ૩૫૦ જેટલી ટ્રક ટ્રાન્સપોર્ટ મારફતે અન્ય રાજ્ય બહાર જઈ રહી છે. જેની સાથે સાથે એર કાર્ગો, ટ્રેન અને ટ્રાવેલ્સ મારફતે પણ કાપડ રાજ્ય બહાર મોકલવામાં આવી રહ્યો છે. જ્યાં ચાલુ વર્ષે ૧૫ હજાર કરોડના વેપારની આશા વેપારીઓએ વ્યક્ત કરી છે.એશિયાની સૌથી મોટી ટેક્સટાઈલ માર્કેટ સુરતમાં આવેલી છે. સુરતને ટેક્સટાઈલ તરીકેનું હબ ગણવામાં આવે છે.

## વડોદરામાં આવકવેરા વિભાગ ત્રાટક્યું । બે બિલ્ડરોની દિવાળી બગડી

। પ્રતિનિધિ,વડોદરા, તા.૨૩ ।

આવકવેરા વિભાગે પોતાની દિવાળી સુધારવા બીજાની દિવાળી બગાડવાનું શરૂ કરી દીધું છે. આવકવેરા વિભાગે વડોદરાના બે નામાંકિત બિલ્ડર જૂથો પર દરોડા પાડ્યા છે. પ્રાથમિક સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણ શહેરોની આવકવેરા વિભાગની ટીમોએ દરોડા પાડ્યા છે.બે કરતાં વધુ બિલ્ડર જૂથો પર પાડવામાં આવેલા દરોડામાં, આવકવેરા વિભાગની ટીમો રિયલ એસ્ટેટ, જૂથ સાથે સંકળાયેલા અન્ય વ્યવસાયો અને એક ડઝનથી વધુ સ્થળોએ આર્કિટેક્ટ્સના સ્થાનોની પણ તપાસ કરી રહી છે. આટલી મોટી કાર્યવાહી બાદ મોટી કરચોરી ઝડપાય તેવી પ્રબળ શક્યતા છે. આ ઘટના બાદ વડોદરાના મોટા ટેક્સ ચોરી કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. આ બિલ્ડરોની સાથે સ્થાનિક રાજકારણીઓ પણ તેમા ભાગીદાર છે.વડોદરા સહિત દેશભરમાં દિવાળીના તહેવારને હવે માંડ એક સપ્તાહથી વધુનો સમય બાકી રહ્યો છે. વડોદરામાં આવકવેરા વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અત્યાર સુધીની પ્રાપ્ત માહિતી અનુસાર, આવકવેરા વિભાગની ટીમોએ વડોદરાના નિલેશ શેઠ અને સૌનક શાહ સાથે સંકળાયેલા બે મોટા બિલ્ડર જૂથો પર દરોડા પાડ્યા છે.વડોદરા, અમદાવાદ અને સુરત એમ ત્રણેય શહેરોની ટીમો બંને બિલ્ડરની ટીમો સાથે મળીને દસ્તાવેજો, હિસાબી રેકોર્ડ, ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સહિતના વ્યવહારોની સઘન તપાસ કરી રહી છે.

### એલસીબી ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરીને પકડવામાં આવી

# એટીએમમાં ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ, અલગ અલગ રાજ્યોમાં ૫૦થી વધુ ચોરીના બનાવ

। પ્રતિનિધિ, જામનગર,તા.૨૩ ।

ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ સહિત રાજ્યમાં અલગ અલગ જિલ્લામાં એટીએમમાં છેડછાડ કરીને ૫૦થી વધુ ચોરીને અંજામ આપનાર ગેંગને જામનગર પોલીસ એલસીબી ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરીને પકડવામાં આવી છે.સેકશન રોડ અને ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા એટીએમમાં છેડછાડ કરીને ખાતામાંથી રોકડ રકમને તફડાવી લેવાની ફરિયાદો દાખલ થઈ હતી. છેલ્લા થોડા સમયથી એટીએમ મશીનમાં છેડછાડ કરીને રૂપિયા કાઢી લેતા હોવાના બનાવો સામે આવતા એસપી પ્રેમસુખ ડેલુ અને ઈન્ચાર્જ એસપી વી. કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ જામનગર પોલીસ એલસીબી ટીમે આ દિશામાં સઘન કાર્યવાહી હાથ ધરી હતી.આ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, ATM કેસ ડીસ્પેન્શરમાં છેડછાડ કરીને રૂપિયાની ચોરી કરનાર ગેંગના ત્રણ ઈસમો સંગઠિત ટોળકી બનાવીને સેલ્ટોસ કાર નં જીજે૧૮બીએમ૬૮૬૯ લઈને શહેરના પંચવટી કોલેજના ખૂણા પાસે ગોલ્ડન ક્રાઉન હોટલ પાસેના રોડ પર આવેલા છે. અહીં એટીએમ માંથી પૈસા કાઢવાની તૈયારી કરવા આંટાફેરા કરે છે.આ બાતમીના આધારે પોલીસે સ્થળે પહોંચી રાજસ્થાન બિકાનેરના ડુંગરગઢ તાલુકાના કલ્યાણસર ગામના પુનમખાન ડયાલખાન માલીયા, કલ્યાણસરના રામપ્રકાશ રામકરણ ગોદારા, રાજસ્થાનના બાડસર ગામના ગૌરીશંકર ગીરધરલાલ સુથારને પકડી લીધા હતા. તપાસમાં ધાનેરુ ગામના હરમનરામ નથુરામ ભાકરની સંડોવણી ખુલી હતી, જેની તપાસ જામનગર એલસીબી દ્વારા ચાલુ છે.પોલીસ તપાસમાં ૪૭,૫૦૦ રોકડ, સેલ્ટોસ કાર, ડીસમીસ, સેલોટેપ, કટર, ફેવિક્વિક, પીવીસી પટ્ટીઓ, છ્સ કાર્ડ, ૩ મોબાઈલ સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો. આરોપીઓએ અલગ અલગ જિલ્લાના ૫૦થી વધુ એટીએમમાં છેડછાડ કરીને આશરે સાડા ચાર લાખથી વધુની રકમ ચોરી કર્યાનું તપાસમાં ખુલ્યુ છે. આરોપી ગૌરીશંકર બારડોલી અને નવસારીમાં બે ગુનામાં સંડોવાયેલ છે.




રાજ્યના કૃષિમંત્રી દ્વારા સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું

# રાજ્યના ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરાયું

**૩૩ ટકાથી વધુ નુકસાન હશે તેમને નિયમ પ્રમાણે મળશે મદદ : ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો આ રાહત પેકેજ**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૩ ।

ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી કમોસમી વરસાદ વરસી રહ્યો છે અને હાલ ખેડૂતોનો પકવેલો પાક સંપૂર્ણ નાશ પામ્યો છે, ગત વર્ષે પણ આવી જ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ખેડૂતોને આજીવિકાનો અન્ય કોઈ સ્રોત ન હોવાથી ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે અને દેવાના બોજ તળે દબાયા છે. ત્યારે હવે રાજ્યના કૃષિમંત્રી દ્વારા ખેડૂતો માટે ૧૪૧૯.૬૨ કરોડનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારના બજેટમાંથી ૩૬૨ કરોડની સહાય આપવામાં આવશે. ઋષિકેશ પટેલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને ઓગસ્ટમાં વરસેલા વરસાદના કારણે જે ખેડૂતોનો મુખ્ય પાક જેવા કે ડાંગર, સોયાબીન, મગફળી જેવા પાક બગડી જતાં ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો, તેવા ખેડૂતો માટે સહાય ૧૪૧૯.૬૨ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ખેડૂતોનો




આ રાહત પેકેજમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૨૨ હજાર રૂપિયાની સહાય અને બિન પિયત વિસ્તારમાં હેક્ટર દીઠ ૧૧ હજારની સહાય આપવામાં આવશે. કૃષિમંત્રીના જણાવ્યા અનુસાર, ૬ હજારથી વધુ ગામોના આશરે ૭લાખ ખેડૂતોને આ સહાય પેકેજનો લાભ મળી શકશે. નોંધનીય છે કે, ૮ લાખ હેકટર જેટલા વિસ્તારમાં ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય તેમાં નિયમો હેઠળ સહાય ચુકવવામાં આવશે. આ સહાય પેકેજ ફક્ત ઓગસ્ટ મહિનામાં વરસેલા વરસાદમાં થયેલાં નુકસાન માટે જ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય પાછોતરા વરસાદને લઈને થયેલાં પાક નુકસાન વિશે પણ સર્વે કરવામાં આવશે. તેમજ તે અંગે પણ ખેડૂતોને સહાય માટે રાજય સરકાર વિચાર કરશે.કૃષિ મંત્રી રાઘવજી પટેલના જણાવ્યા અનુસાર, રાહત મેળવવા માટે ખેડૂતોએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ખેડૂતની સાતબાર, બેન્ક એકાઉન્ટની વિગત, અને આધાર નંબર સાથે ખેડૂતોએ અરજી કરવાની રહેશે. ઓગસ્ટ મહિનામાં થયેલા વરસાદના નુકસાન માટે રાજ્યના અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, સુરત, વડોદરા, પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દ્વારકા, ખેડા, આણંદ, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, ડાંગ, ભરૂચ, પાટણ અને છોટા ઉદેપુર જિલ્લાનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિવાળી બાદ ખેડૂતોને આ સહાય પહોંચાડવામાં આવશે.આ સહાયનો ૪ લાખ ૧૯ હજાર જેટલા ખેડૂતોને લાભ મળશે. જીઢઈહ્વ સહિત ટોપઅપ રકમની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. ઓગસ્ટ માસમાં પડેલા વરસાદથી થયેલ નુકસાનીને રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. નોંધનિય છે કે, પાછોતરા વરસાદમાં થયેલ પાક નુકસાનીનો પણ સર્વે કરાશે. તૈયાર પાકો પર પડેલા વરસાદના કારણે થયેલ નુકસાનીનો સર્વે પણ કરવામાં આવશે. જે તાલુકામાં પાછોતરો વરસાદ થયો છે ત્યા ફાઈનલ સર્વે કરવામાં આવશે.

યુવકની લાશ બુલેટ ટ્રેનના પીલ્લર પાસે મળી આવતા ચકચાર

## વટવામાં દુર્ગાનગરમાં મોબાઇલ ચોર યુવકને ટોળાએ ઢોર માર મારી પતાવી દીધો

। અમદાવાદ, તા.૨૩ ।

વટવાના દુર્ગાનગર નજીક આવેલા બુલેટ ટ્રેનના પીલ્લર પાસે મંગળવારે સવારે એક યુવકની લાશ મળી આવી હોવાની જાણ સ્થાનિક પોલીસને કંટ્રોલ રૂમ તરફથી મળી હતી. તપાસ કરવા ગયેલી વટવા પોલીસને જાણવા મળ્યું કે મરણ જનાર યુવક રાજ ડબગર (ઉં.૨૨)ને ટોળાએ હિંસક હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દીધો હતો અને બાદમાં ટોળામાં આવેલા શખ્સો ફરાર થઈ ગયા હતા. વધુ તપાસમાં સામે આવ્યું કે મૃતક યુવક મોબાઈલ ચોરીને નાસી રહ્યો હતો તેથી લોકોએ તેને પકડીને ઢોર માર મારીને મોંઢાના ભાગે, પગના ભાગે તથા પીઠના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ મામલે ૭ શંકાસ્પદ શખ્સને વટવા પોલીસ પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવીને વધુ તપાસ આરંભી છે. વટવા વિસ્તારમાં આવેલા બુલેટ ટ્રેનના પીલ્લર પાસે મંગળવારે સવારે કેટલાક શખ્સોનું ટોળું એક યુવકને ઢોર માર મારી રહ્યું હતું. આ જોઈને સ્થાનિક દુકાનદારને લાગ્યું કે લોકો ઝઘડો કરી રહ્યા છે. માટે દુકાનદારે ટોળાને આગળ જઈને ઝઘડો કેમ કરો છો તેમ કહ્યું હતું. ત્યારબાદ ટોળામાં રહેલા શખ્સો યુવકને ટીંગા ટોળી કરીને થોડે દૂર વટવા બ્રિજની નીચે લઈ જઈને ઢોર માર મારી રહ્યા હતા.

## વડોદરામાં એક તરફ સ્વચ્છતા અભિયાન બીજી તરફ રસ્તાઓની હાલત ખરાબ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨૩ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વડાપ્રધાનના આગમન પૂર્વે પાંચ દિવસમાં તમામ ૧૯ વોર્ડમાં સ્વચ્છતાના ૧૯ કાર્યક્રમ હાથ ધરવા અને દિવસમાં બે વખત સફાઈ કરી શહેરને સ્વચ્છ રાખવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નેતાઓ અને અધિકારીઓ હાથમાં ઝાડુ પકડી દેખાડા પૂરતી સફાઈ કરી ફોટોસેશન કરવામાં વ્યસ્ત છે. જોકે સફાઈ ઝુંબેશ બાદ પરિસ્થિતિ જેસે થે ઊભી થઈ જાય છે.વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા ભથ્થુએ કહ્યું છે કે વડાપ્રધાન આવવાના હોય, ત્યારે જ સફાઈ અભિયાન કરવામાં આવે છે તેનો અર્થ શું સમજવો ? હજુ ગયા અઠવાડિયે મુખ્યમંત્રી વડોદરા આવ્યા ત્યારે ટકોર કરી હતી કે પીએમ અને સીએમ આવે ત્યારે જ સફાઈ કરવાનું કેમ સૂઝે છે? વિપક્ષના નેતાએ કહ્યું હતું કે શાસકોએ શહેરની હાલત એવી કરી દીધી છે.







## તંત્રી લેખ..

# બજારને ફટકો પડશે

કોરોના કાળ પહેલા રિટેલ વેપારના ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજુરી આપી દેવામાં આવી હતી જેના કારણે વર્તમાન સંજોગોમાં કેટલાક નવા પડકારો અને સમસ્યા સરકાર સામે ઉભી થઇ શકે છે. આના કારણે વેપારીઓને પણ સમસ્યા આવી શકે છે. સાથે સાથે સ્પર્ધા વધવાની સ્થિતીમાં પણ કેટલાક પડકારો આવી શકે છે. સરકારે નિર્માણ ક્ષેત્રમાં પણ એટલી જ છુટછાટ આપી છે. પ્રશ્ન એ થાય છે કે સ્વદેશીનૂ વાત કરનાર સરકારે વિદેશી રોકાણ પર એટલુ ભાર કેમ મુકી રહી છે. વિદેશી લોકો પાસેથી અને વિદેશી નાણાંને લઇને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં સરકાર કેમ આધાર રાખવાના પ્રયાસ કરી રહી છે. આ મંજુરી પણ કોઇ નાની મોટી કિંમત અને કુરબાની પર આધારિત દેખાઇ રહી નથી. આના માટે તે પોતાની જ નિતીને ખતમ કરી રહી છે. ભારતીય જનતા પાર્ટીને જનસંઘના સમયથી જ વેપારીઓન પાર્ટી તરીકે ગણવામાં આવે છે. જ્યારે યુપીએ સરકાર રીટેલ ક્ષેત્રમાં ૫૧ ટકા એફડીઆઇની વાત કરી રહી હતી ત્યારે ભાજપે જોરદાર વિરોધ કર્યો હતો. તે તત્કાલીન સરકારની એવી સ્પષ્ટતા સાથે સંતુષ્ટ થઇ ન હતી કે આના કારણે રોજગારીમાં નોંધપાત્ર રીતે વધારો થશે. ભાજપના લોકોએ એ વખતે એવી દલીલ પણ સરકારની સ્વીકારી ન હતી કે આના કારણે દેશમાં મોંઘવારીમાં ઘટાડો થશે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઇ ત્યારે તે પહેલા સ્વર્ગસ્થ અરૂણ જેટલીએ પોતે કહ્યુ હતુ કે સરકારમાં આવ્યા બાદ અમારા વલણમાં કોઇ ફેરફાર થનાર નથી. આવી વાત કરનાર સરકારે હવે ગુલાંટ કેમ મારી દીધી છે. ૫૧ ટકાથી વધારીને ૧૦૦ ટકા એફડીઆઇ કેમ થઇ ગઇ છે. ભલે આંતરરાષ્ટ્રીય દબાણ હોય કે પછી કેટલાક અન્ય પરિબળો હોય સરકારની કેટલીક જવાબદારી તો ચોક્કસપણે બને છે. ભારતના ગામ ગાંમ સુધી બેઠેલા કરોડો નાના વેપારી પર તેની અસર શુ થશે. નોટબંધી અને જીએસટીથી માઠી અસરમાંથી લોકો બહાર આવી ચુક્યા છે પરંતુ કોરોનાની મહામારી બાદ રિક્વરી હજુ પણ થઇ શકી નથી. વિશ્વના દેશો આર્થિક રિક્વરીને લઇને ઝઝુમી રહ્યા છે. સામાન્ય લોકો પહેલા જ પરેશાન થયેલા છે. દરરોજ કમાણી કરીને ખાનાર લોકોની હાલત વધારે કફોડી બની શકે છે. વિદેશી કારોબારીઓ ભારતમાં રોકાણ કરવા માટે તૈયાર છે. તેમને ભારત નહીં બલ્કે ૧૩૦ કરોડ ભારતીય લોકો નજરે પડી રહ્યા છે.

## સમય કરતા હૃદય દ્વારા સ્વયંસેવક: સેવાના નવા યુગની ઘોષણાપત્ર



ડો. પ્રેરક કે. સોની

આજના સમયમાં, જ્યાં દરેક ક્ષણનું મૂલ્ય છે, ત્યાં સ્વયંસેવક નું હૃદય એવી નવી ધારણા લાવે છે જે સમયની મર્યાદાઓને પાર કરી જાય છે. આ ઘોષણાપત્ર વિશ્વભરના સ્વયંસેવકોના અદ્વિતીય કાર્યોથી પ્રેરિત છે. "જ્યાં સેવા અને આત્મા એક થાય છે, ત્યાં પરિવર્તનની શરૂઆત થાય છે." સ્વયં સેવક-સેવા એ માત્ર સમય આપવાની બાબત નથી, પણ પ્રેમ અને કરુણાથી ભરેલી દરેક ક્રિયા છે.

"કરુણાનું કાર્ય અંધકારને પ્રકાશિત કરે છે." સ્વયંસેવક સેવા નું મૂળ એ છે કે બીજાની લાગણીઓને સમજવાની અને તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવાની ક્ષમતા માં છે. "અનેક હૃદય, એક સંકલ્પ: બદલાવ લાવવો." આત્મિક સંતોષથી લઈને બીજાની મદદ કરવાના આનંદ સુધી, વિવિધ પ્રેરણાઓ સ્વયંસેવક-સેવા ની ભાવનાને પ્રેરિત કરે છે. "નાના હાથ, વિશાળ અસર." સ્વયંસેવકોની સામૂહિક કોશિશો લોકોના જીવન અને સમુદાયોમાં મોટો ફેરફાર લાવે છે. "કોઈ અડચણ મોટી નથી, કોઈ હૃદય નાનું નથી." સમયની મર્યાદા જેવી ચુનૌતીઓ પણ, જ્યારે મદદ કરવાની ઈચ્છા હોય, તો તેને પાર કરી શકાય છે. "એક વિશ્વ, અનેક સેવાનીઓ." સ્વયંસેવક-સેવાની ભાવના ભૌગોલિક મર્યાદાઓને પણ ઓળંગી જાય છે, અને આ સમપણ સંસ્કૃતિઓ અને સીમાઓને પાર કરીને કાર્ય કરે છે.

"ડિજિટલ યુગમાં સીમાઓ વગરની સેવા." ટેકનોલોજીએ કેવી રીતે આપણને ક્યાંયથી પણ, કોઈપણ સમયે સેવા આપવાની તકો આપી છે. "સાથે મળીને, આપણે સેવામાં વધુ મજબૂત બનીએ છીએ." સ્વયંસેવક સમુદાયની શક્તિ તેની એકતા અને સાઝા દૃષ્ટિકોણમાં છે, જેમ કે બી.એ.પી.એસ.(બોચાસણવાસી શ્રી અક્ષર પુરષોતમ સ્વામિનારાયણ સંસ્થા) દ્વારા વિશ્વભરના સ્વયંસેવકોનું એક મોટું પરિવાર ઉભું કરવામાં આવ્યું છે. "જુસ્સો અને ઉદ્દેશ્ય દ્વારા પ્રેરિત." લાંબા સમય સુધી સેવા આપવાની ભાવનાને જીવંત રાખવાની કી છે નિરંતર પ્રેરણા અને સેવામાંથી મળતો આનંદ.

**લેખક :** ડો. પ્રેરક કે. સોની



## આજકાલ

લેખક : દીપક જગતાપ

### તુર્કી એ વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ ઝોનમાંનું એક છે

**૭.૮ તીવ્રતાના ભૂકંપના બે આંચકાએ તુર્કી અને સીરિયામાં મોટી તબાહી સર્જી છે. તુર્કી અને સીરિયામાં ભૂકંપને કારણે ૨૮૦૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. તુર્કીમાં આવેલા શક્તિશાળી ભૂકંપના કારણે દેશ ૧૦ ફૂટ ખસી ગયો છે.**

# તુર્કીમાં આટલા ભયાનક ભૂકંપ કેમ આવે છે ?

**૨૦૨૦માં તુર્કીમાં ૩૩૦૦૦ હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. અત્યાર સુધીમાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપના કારણે તુર્કીમાં અને સીરિયામાં હજારો લોકોના મોતની પુષ્ટિ થઈ છે.**

તુર્કી એ વિશ્વના સૌથી સક્રિય ભૂકંપ ઝોનમાંનું એક છે.૧૯૯૯માં તુર્કીના ડ્યૂઝ પ્રદેશમાં ૭.૪-ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જે દાયકાઓમાં તુર્કીમાં આવેલો સૌથી ભયાનક ભૂકંપ હતો. આ સમય દરમિયાન, ભૂકંપને કારણે દેશભરમાં ૧૭,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા , જેમાં લગભગ ૧,૦૦૦ ઈસ્તાંબુલનો સમાવેશ થાય છે.

તુર્કીમાં કેમ આવે છે આટલા ભૂકંપ?:-

તુર્કી ઘણી સક્રિય ફોલ્ટ લાઇન પર સ્થિત છે. તુર્કીમાં સત્તાવાર રીતે ૪૮૫ ફોલ્ટ લાઇન છે. જો કે, છેલ્લા એક દાયકામાં ૧૨૦ થી વધુ નવી ફોલ્ટ લાઇન બનાવવામાં આવી છે. જેના કારણે ભૂકંપની સંખ્યા સતત વધી રહી છે.



સોમવારે તુર્કી, સીરિયા અને લેબેનોનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૮ માપવામાં આવી છે. દક્ષિણપૂર્વ તુર્કી અને સીરિયામાં ભૂકંપથી ભારે નુકસાન થયાના અહેવાલ છે.

તુર્કીના ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર ૨૦૨૦માં તુર્કીમાં ૩૩૦૦૦ હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેમાંથી ૩૩૩થી વધુ ભૂકંપના આંચકાઓની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૦થી વધુ હતી. ૨૦૨૦માં તુર્કીમાં ૩૩ હજાર ભૂકંપ આવ્યા હતા. ૨૦૨૧માં આ આંકડો ૨૪ હજારની આસપાસ હતો. જો આપણે બે દાયકા પહેલાની વાત કરીએ તો આ આંકડો હજાર કરતા પણ ઓછો હતો. ૧૯૯૦ થી ૨૦૦૦ સુધી, માત્ર ૧૯૯૯ માં તુર્કીમાં ૨૦૦૦ થી વધુ વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા, અન્યથા દરેક વખતે તેની સંખ્યા ૧૦૦૦ થી ઓછી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તુર્કીનો મોટાભાગનો ભાગ એનાટોલીયન ટેક્ટોનિક પ્લેટ પર સ્થિત છે. આ પ્લેટ યુરેશિયન, અરેબિયન અને આફ્રિકન પ્લેટો વચ્ચે સ્થિત છે. જેમ જેમ આ પ્લેટોમાં દબાણ વધે છે, તે એનાટોલીયન ટેક્ટોનિક પ્લેટને અસર કરે છે. આમ, તુર્કી વિશ્વના અન્ય ભાગો કરતાં વધુ ભૂકંપનો સામનો કરે છે. તુર્કીમાં સૌથી વિનાશક ફોલ્ટ લાઈનને નોર્થ એનાટોલીયન ફોલ્ટ લાઇન (દ્બછહ્ન) નામ આપવામાં આવ્યું છે. એનાટોલીયન અને યુરેશિયન પ્લેટો આ જગ્યાએ મળે છે. આ જગ્યાને ઈસ્તાંબુલ કહેવામાં આવે છે.

NAF એ સમગ્ર માનવ ઈતિહાસમાં કેટલાક સૌથી ખરાબ ધરતીકંપો પેદા કર્યા છે. ૧૭ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ, મુખ્ય ઉત્તરી એનાટોલીયન ફોલ્ટ લાઈનને કારણે ઈસ્તંબુલ નજીક ખૂબ જ મજબૂત ધરતીકંપ આવ્યો. જેમાં ૧૭ હજારથી વધુ લોકો માર્યા ગયા હતા. બરાબર ત્રણ મહિના પછી, ૧૨ નવેમ્બરે, બીજો ભૂકંપ આવ્યો જેમાં ૮૪૫ લોકો મૃત્યુ પામ્યા. ૩ વર્ષ પહેલા જાન્યુઆરી ૨૦૨૦માં પણ તુર્કીમાં ભૂકંપના ભયાનક આંચકા અનુભવાયા હતા. આ દરમિયાન તુર્કીમાં ૪૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ઓક્ટોબર ૨૦૨૦માં તુર્કીમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો હતો જેમાં ૧૧૪ લોકોના મોત થયા હતા.

આપણને પ્રશ્ન થાય કેભુકંપ કેમ આવે છે?પૃથ્વીની અંદર મુખ્યત્વે ૭ પ્લેટ હોય છે. આ પ્લેટો ફરતી રહે છે. ધરતીકંપ આવવાનું મુખ્ય કારણ પૃથ્વીની અંદરની આ પ્લેટોનું અથડામણ છે. જ્યારે આ પ્લેટ્સ કોઈક સમયે અથડાય છે, ત્યારે ત્યાં ફોલ્ટ લાઇન ઝોન રચાય છે અને સપાટીના ખૂણા ફોલ્ડ થાય છે. સપાટીના ખૂણાને લીધે, ત્યાં દબાણ વધે છે અને પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. આ પ્લેટો તૂટવાને કારણે અંદર રહેલી ઉર્જા બહાર આવવાનો રસ્તો શોધી લે છે, જેના કારણે પૃથ્વી ધ્રુજે છે અને આપણે તેને ભૂકંપ માની લઈએ છીએ.

ચાલો આજે વિશ્વના ૭ સૌથી વિનાશક ધરતીકંપો પર પણ એક નજર કરીએ. જેમાં લાખો લોકો માર્યા ગયા હતા. આ ૭ વિનાશક ભૂકંપોમાંથી એક ભારતમાં પણ આવ્યો હતો.

સૌથી મોટા ભૂકંપ પૈકીનો એક મે ૧૯૬૦ માં બાયો-બાયો, ચિલીમાં નોંધાયો હતો. ૯.૪ અને ૯.૬ની તીવ્રતાનો આ ભૂકંપ લગભગ ૧૦ મિનિટ સુધી જમીનને હચમચાવી રહ્યો હતો. આ ભૂકંપમાં લગભગ ૬૦૦૦ લોકો માર્યા ગયા હતા. તેને અત્યાર સુધીનો સૌથી વધુ તીવ્રતાનો ધરતીકંપ માનવામાં આવે છે. આ ભૂકંપને કારણે લગભગ ૩૦૦ કરોડ ડોલરથી ૭૦૦ કરોડ ડોલરનું નુકસાન થયું હતું.

બીજો ભૂકંપ ગ્રેટ અલાસ્કનમાં ૧૯૬૪માં ગુડ ફ્રાઈડેના દિવસે આવ્યો હતો. ગ્રેટ અલાસ્કન ભૂકંપ ૯.૨ ની તીવ્રતા ધરાવતો હતો અને તે ૫ મિનિટથી થોડો ઓછો ચાલ્યો હતો અને તેને ઉત્તર અમેરિકામાં અત્યાર સુધીનો સૌથી શક્તિશાળી ભૂકંપ માનવામાં આવે છે. ધ્રુજારીથી માત્ર નવ લોકો મૃત્યુ પામ્યા હતા, પરંતુ પરિણામે સુનામીને કારણે વિશ્વભરમાં ૧૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. ભૂકંપથી સુનામીના મોજા એન્ટાર્કટિકા પહોંચ્યા અને પેરુ, મેક્સિકો, જાપાન અને ન્યુઝીલેન્ડ તેમજ અન્ય દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ જોવા મળ્યા. વર્ષ ૨૦૦૧ નો ભૂકંપ જેને ભુજ ભૂકંપ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે છેલ્લી બે સદીઓમાં ભારતમાં આવેલો ત્રીજો સૌથી મોટો અને બીજો સૌથી વિનાશક ધરતીકંપ હતો. ભૂકંપમાં ૨૦,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. આ સાથે હજારો મકાનો ધરાશાયી થયા અને લાખો લોકો બેઘર બન્યા હતા.



### રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં સામાન્ય લોકોનો સ્પષ્ટ મત

**એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઇ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઇ જાય છે**

# રાજનેતા લોકોને ગેરમાર્ગે દોરે છે

**રાજનેતા સામાન્ય પ્રજાને પોતાની વાતમાં ફસાઇ લે છે : સોશિયલ મિડિયા અને મિડિયાને પણ કેટલાક લોકો દોષિત ગણે છે**

રાજનેતાઓના આદર્શવાદી દાવા છતાં દેશના સામાન્ય લોકોનો આજે પણ સ્પષ્ટ અભિપ્રાય એ જ છે કે રાજનેતાઓ જ પ્રજાને ગેરમાર્ગે દોરતા રહે છે. આંતરરાષ્ટ્રીય માર્કેટ રિસર્ચ એજન્સી દ્વારા હાલમાં કરવામાં આવેલા કેટલાક સર્વેમાં ઉપયોગી વિગત સપાટી પર આવી છે. આ સર્વેમાં ભાગ લેનાર ૫૬ ટકા ભારતીય લોકોએ કબુલાત કરી છે કે રાજનેતા પ્રજાને તેમની વાતમાં ફસાઇ લેવામાં અથવા તો તેમને ગેરમાર્ગે દોરવામાં સફળ થઇ જાય છે. ૪૭ ટકા લોકોએ એવો અભિપ્રાય પણ આપ્યો છે કે આ કામ તો મિડિયા દ્વારા કરવામાં આવે છે. ૪૪ ટકા લોકોએ આના માટે સોશિયલ મિડિયા પર પણ પ્રહાર કરવામાં આવ્યા છે. આ લોકો કહે છે કે સોશિયલ મિડિયા મારફતે પણ મોટી સંખ્યામાં લોકો ગેરમાર્ગે દોરાઇ જાય છે. ૨૭ દેશોમાં ૧૯૦૦૦ લોકોને આવરી લઇને કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમાં સામેલ કરવામાં આવેલા ભારતીય લોકો પૈકી ૭૨ ટકા લોકોએ કહ્યુ છે કે તેઓ સામાન્ય રીતે મિડિયા સંસ્થાઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવતા ફેક ન્યુઝને નિહાળે છે. ૫૫ ટકા ભારતીય લોકોએ એમ પણ કહ્યુ છે કે તેઓ



એક ફેક ન્યુજની જાળમાં ફસાઇ ગયા છે. એટલે કે પહેલા તેઓ જે હેવાલને યોગ્ય ગણતા હતા તે હેવાલ ખોટા છે તે અંગે હવે જાણ થઇ છે. આ સર્વેને ભારતીય જનમાનસની વાસ્તિવક બાબત તરીકે ભલે ન ગણવામાં આવે પરંતુ આના કારણે સમાજમાં ઉભરી રહેલા એક પ્રકારના નવા સંકટની તરફ ઈશારો ચોક્કસપણે કરી દીધો છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવાના કારણે કેટલીક સમસ્યા પણ આવી રહી છે. સુચના ક્રાન્તિના સતત ફેલાવા અને સોશિયલ મિડયા જેવી ટેકનિક આવવાના કારણે સુચનાના અનેક સોર્સ લોકોની સામે આવી ગયા છે. લોકો પાસે વિકલ્પ વધી ગયા છે. પહેલા સુચના એક નિર્ધારિત પ્રકરિયામાંથી થઈને જ આવતી હતી. તેમની પાછળ મર્યાદિત લોકો હતા. જે કાયદા કાનુન સાથે ચાલતા હતા. પરંતુ ટેકનોલોજીના કારણે તમામ બાબતો હવે બદલાઇ ગઇ છે.હવે તો દરેક પ્રકાશક તરીકે છે. ટેકનોલોજીએ આ સુવિધા તમામને આપી દીધી છે. જેથી સુચનાના સોર્સ અસંખ્ય થઇ ગયા છે. સ્વાભાવિક છે કે હવે દરેક વ્યક્તિ પોતાની વાત પોતાની રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. તેમાં કેટલાક લોકો જવાબદાર છે. જવાબદારી હવે વધારે ધ્યાનમાં રાખવામાં આવતી નથી. જેના કારણે સામાન્ય વ્યક્તિ દુવિધામાં પડી જાય છે. તે કોને યોગ્ય ગણે અને કોણે ન ગણે તેને લઇને સમસ્યા સર્જાઇ જાય છે. એક જ સુચના આજે કોઇ એક સમુદાય માટે સારી હોઇ શકે છે તો આ જ સુચના અન્ય સમાજ માટે પ્રતિકુળ હોઇ શકે છે. વિકસિત દેશોના નાગરિકોનો સામનો આ પ્રક્રિયાની સાથે પહેલા થયો છે જ્યારે વિકાસશીલ દેશોના લોકોનો સામનો હવે થઇ રહ્યો છે. વિકસિત દેશોના લોકો પહેલાથી જ સાવધાન થઇ ગયા છે જેથી આ લોકો આ પ્રકારના પ્રવાહમાં ઓછા ફસાય છે. જ્યારે વિકાસશીલ દેશોના લોકો આવા પ્રવાહમાં તરત જ ફસાઇ જાય છે. વિકસિત દેશોમાં રહેતા લોકો પોતાના વિવેકથી યોગ્ય નિર્ણય કરે છે. કઇ ચીજને યોગ્ય રીતે ઉપયોગ કરીને ઉપયોગમાં લાવવામાં આવે તે અંગે નિર્ણય આ લોકો કરે છે. પરંતુ ભારત જેવા વિકાસશીલ દેશ જ્યા શિક્ષણ અને જાગરૂકતાનુ સ્તર એક સમાન નથી ત્યાં લોકો સમાચાર અને અન્ય બાબતોને લઇને અનેક વિકલ્પ વચ્ચે દુવિધામાં ફસાઇ જાય છે. કેટલીક વખત આવા લોકો તથ્યોની તરફ ધ્યાન આપી શકતા નથી. જેથી ખોટી બાબતને યોગ્ય ગણી લે છે. જ્યાં સુધી રાજનીતિની વાત છે આમાં ભારતમાં ગળા કાપ સ્પર્ધા જોવા મળે છે. પહેલા મુદ્દા પર સીધી રીતે વાત થતી હતી પરંતુ હવે તમામ ધ્યાન દાવા અને વચન દેખાવવા પર કેન્દ્રત છે.

### કિડનીના દર્દીઓ માટે કોફી આદર્શ । મોતના જોખમને ઘટાડી દેવામાં કોફી ઉપયોગી સાબિત થાય છે

# જ્યારે પણ ઉંઘ આવે છે અથવા તો થાક લાગે છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએ છીએ : કોફી ઉપરાંત ચા પિવાના પણ ફાયદા છે

જ્યારે પણ અમને ઉંઘ આવે છે અથવા તો થાકનો અનુભવ થાય છે ત્યારે અમે સામાન્ય રીતે કોફીનો ઉપયોગ કરીએચીએ. કોફી પિવાના અનેક ફાયદા રહેલા છે. દાખલા તરીકે કોફી પિવાથી હાર્ટ અને દિમાગ સાથે સંબંધિત બિમારી થવાનો ખતરો ઓછો રહે છે. હવે વ્યાપક અભ્યાસ બાદ એવી બાબત પણ ઉભરીને સપાટી પર આવી છે કે જે લોકો કિડની સંબંધિત બિમારીથી ગ્રસ્ત છે અને પરેશાનીનો સામનો કરી રહ્યા છે તે લોકો જો કોફી પિવે તો તેમને વધારે ફાયદો થાય છે. કિડનીના દર્દીઓમાં મોતના જોખમને પણ તે ઘટાડી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં આ બાબત ઉભરીને સપાટી પર આવી છે. આ અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે કોફી પિવાના કારણે એવા લોકોમાં મોતનો ખતરો ઓછો થઈ જાય છે જે કિડનીની ગંભીર બિમારીથી પરેશાન થયેલા છે. આ અભ્યાસમાં એવા દર્દીની સરખામણી ઓછા પ્રમાણમાં કોફી પિનાર સાથે કરવામાં આવી હતી. અભ્યાસ કરવામાં આવ્યા બાદ જે રિઝલ્ટ આવ્યા તે દર્શાવે છે કે જે વધારે પ્રમાણમાં કોફી પિતા હતા તે દર્દીઓમાં કિડની સંબંધિત બિમારીના કારણે થતા મોતના પ્રમાણમાં ૨૫ ટકા સુધીનો ઘટાડો થઇ ગયો હતો. શોધ કરનાર લોકોના કહેવા મુજબ કોફી કિડની સંબંધિત બિમારીમાં એક સુરક્ષા કવચ ઉપલબ્ધ કરાવે છે. તેના સંભવિત કારણ એ હોઇ શકે છે કે નાઈટ્રિક એસિડની અસર વધારે થાય છે. હકીકતમાં કોફીનાઈટ્રિક એસડ નામના તત્વને રિલિજ કરવામાં મદદ કરે છે. તે તત્વ કિડનીના કામને



સુધારી દેવામાં ઉપયોગી સાબિત થાય છે. આ અભ્યાસના મુખ્ય લેખક મિગુલ વિયરાએ કહ્યુ છે કે આ પરિણામથી જાણવા મળે છે કે જે દર્દી કિડનીની ગંભીર બિમારીથી ગ્રસ્ત છે તે દર્દીએ કોફી વધારે પ્રમાણમાં ઉપયોગ કરવી જોઈએ. કારણ કે આના કારણે મૃત્યુ દરમાં ઘટાડો થઈ જાય છે. જર્નલ નેફ્રોલોજી ડાયલિસીસ ટ્રાન્સપ્લાન્ટેશમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે આ અભ્યાસના યોગ્ય તારણ પર પહોંચવા માટે ૪૮૬૩ લોકોના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. તેમના ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફલેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. હાઈ ફેટ ડાઈટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઈચ્છિત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઈ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે. ચામાં દૂધ નાંખીને પીવામાં આવે છે ત્યારે દૂધના પ્રોટીન સાથે તેમાં રહેલા ઘટકો ભળી જાય છે જેથી અમને દૂધ પ્રોટીનમાંથી અથવા તો આ ઘટકોમાંથી કોઈપણ આરોગ્યના લાભ મળી શકતા નથી. જેથી દૂધ વગર ચા પીવાની સલાહ વૈજ્ઞાનિકો આપે છે. જાપાનમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ચામાંથી ઘટકોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી પણ ફેટના પ્રમાણને ઘટાડી શકાય છે. જાપાનમાં કીરીન બેવેરેજ કંપની સાથે સંકાળાયેલા એક વૈજ્ઞાનિક હીરોકી યાજીમાએ કહ્યું છે કે, જાપાનમાં પણ વ્યાપક પ્રમાણમાં અભ્યાસની પ્રક્રિયા ચલાવવામાં આવી છે. બ્લેક ટી હંમેશા સ્થુળતાને ઘટાડવામાં ઉપયોગી બને છે. ડાઈટના કારણે ચરબી વધારનાર તત્વોને રોકવામાં બ્લેક ટી ભુમિકા અદા કરે છે. દૂધ વગરની ચા પીવાથી મોટા ફાયદો થાય છે તે બાબત પ્રકાશમાં આવ્યા બાદ તેનાથી ફાયદો થઈ શકે છે. સ્થુળ લોકો માટે આ ખૂબ સારા સમાચાર છે જે વજન ઘટાડવા માટે ઈચ્છુક છે. જુદા જુદા અભ્યાસના તારણ કહે છે કે ચા અને કોફી બંને માનવ શરીરને કેટલીક તકલીફથી બચાવે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

## એમવીએમાં કોઈ તફાવત નથી, જુઓ કોણ સદી ફટકારે છે : સંજય રાઉત

। મુંબઇ, તા.૨૩ ।

મહાવિકાસ અઘાડીમાં સીટોને લઈને ચાલી રહેલા અણબનાવના સમાચાર ઘણા દિવસોથી હેડલાઈન્સમાં છે. કોંગ્રેસ અને શિવસેના ઉદ્ધવ ઠાકરે વચ્ચે સીટોને લઈને ચાલી રહેલા વિવાદના અહેવાલો વચ્ચે, એવું બહાર આવ્યું છે કે મહાવિકાસ અઘાડીમાં બેઠકો પર સમજૂતી થઈ ગઈ છે. આ દરમિયાન ઉદ્ધવ અને શિવસેનાના નેતા સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે. રાઉતે કહ્યું, “મહા વિકાસ અઘાડી પાસે સીટ વહેંચણીની કોઈ ફોર્મ્યુલા નથી.સંજય રાઉતે કહ્યું કે અમારા ઉમેદવારોની યાદી ભલે થોડી મોડી આવી રહી હોય પરંતુ એક નક્કર યાદી આવી રહી છે.

## કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદનું સંસદ સભ્યપદ જોખમમાં

। સહારનપુર, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના સહારનપુરથી કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદનું સંસદ સભ્યપદ જોખમમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિવાદાસ્પદ નિવેદનના સંદર્ભમાં કોર્ટે તેમની સામે આરોપો ઘડ્યા છે. તેમણે ૧૦ વર્ષ પહેલા પીએમ મોદી વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું.તમને જણાવી દઈએ કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન ઈમરાન મસૂદે દેવબંદ વિસ્તારના લબકરી ગામમાં પીએમ મોદી વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમના નિવેદન બાદ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. આ નિવેદન બદલ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો અને તેમને જેલ પણ જવું પડ્યું.

## લોરેન્સ બિશ્નોઈ આગામી ટાર્ગેટ રાહુલ ગાંધી, ફેસબુક પર ધમકી મળી

। નવીદિલ્હી, તા.૨૩ ।

સલમાન ખાનને ધમકી આપીને અને હાલમાં સમાચારોમાં રહેલા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ફોટો લગાવીને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ફેસબુક પર પોસ્ટ કરીને ધમકી આપવામાં આવી છે. બુદ્ધાદિત્ય મોહંતી નામના વ્યક્તિના નામે બનેલા આઈડી થકી આપવામાં આવેલી ધમકી બાદ કોંગ્રેસી કાર્યકર્તાઓ નારાજ છે. અમેઠીમાં એનએસયુઆઈ કાર્યકર્તાઓએ કેસ નોંધવા માટે મુન્શીગંજ પોલીસ સ્ટેશનમાં પ્રદર્શન કર્યું હતું. ફેસબુક પોસ્ટ પર યુઝરે અંગ્રેજીમાં લખ્યું છે કે, જર્મની પાસે ગેસ્ટાપો હતો.

## કપલે હર કી પડી પર રીલ બનાવવા માટે અશ્લીલતા કરી

। નવી દિલ્હી, તા.૨૩ ।

રીલ બનાવવાનો શોખ વાસ્તવિક જીવનને ઢાંકી રહ્યો છે. યુવાનો લાઈક્સ અને કોમેન્ટ માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. આવો જ એક કિસ્સો હરિદ્વારથી સામે આવ્યો છે, જ્યાં એક કપલે હર કી પડી પર રીલ બનાવવા માટે અશ્લીલતાનો આશરો લીધો હતો. એક યુવક અને યુવતી ભગવા કપડા પહેરીને અશ્લીલ હરકતો કરતા જોવા મળ્યા હતા. તેમને જોવા માટે સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. તીર્થયાત્રી પુજારીઓને આ વાતની જાણ થતાં જ તેઓ સ્થળ પર પહોંચ્યા અને દંપતીનો પીછો કરીને ત્યાથી દૂર ગયા. તેમને જોવા માટે સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

### અજિત પવાર બારામતીથી ચૂંટણી લડશે

# એનસીપીએ મહારાષ્ટ્ર ચૂંટણી માટે ૩૮ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી !!

**૨૦ નવેમ્બરે યોજનારી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવાર બારામતીથી, છગન ભુજબલ યેવલાથી અને દિલીપ વાલસે પાટીલ અંબેગાંવથી ચૂંટણી લડશે**

। મુંબઇ, તા.૨૩ ।

અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીએ બુધવારે ૨૦ નવેમ્બરે યોજનારી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે ૩૮ ઉમેદવારોની પ્રથમ યાદી બહાર પાડી. જેમાં નાયબ મુખ્યમંત્રી અજિત પવાર બારામતીથી, છગન ભુજબલ યેવલાથી અને દિલીપ વાલસે પાટીલ અંબેગાંવથી ચૂંટણી લડશે.

આ પહેલા એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ ૪૫ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. વિજય સુનિશ્ચિત કરવા માટે, સીએમ એકનાથ શિંદે ફરી એકવાર કોપરી પચપાખરીથી પોતાનો દાવો રજૂ કરશે, જ્યારે પાર્ટીએ પૈઠાણથી વિલાસ સંદીપન ભુમરેને મેદાનમાં ઉતાર્યા છે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ તેના ૪૫ ઉમેદવારોના નામોની યાદી જાહેર કરી હતી.



આ યાદીમાં મનસે પ્રમુખ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેનું નામ માહિમથી ઉમેદવાર તરીકે બહાર પાડવામાં આવ્યું છે.મનસેપ્રવક્તા અને પૂર્વ કાઉન્સિલર સંદીપ દેશપાંડે વર્લીથી ચૂંટણી લડશે.આ વખતે મહારાષ્ટ્રમાં રાજકીય હરીફાઈ ઘણી રસપ્રદ બને તેવી શક્યતા છે. કારણ કે મહા વિકાસ અઘાડી સરકાર લગભગ ૨૫ મહિના પહેલા જૂન ૨૦૨૨માં પડી ગઈ હતી. આ પછી બીજેપી સમર્થિત સરકાર બની. શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી વચ્ચેના ભાગલા પછી રાજ્યમાં પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી યોજાશે. હાલમાં, નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ સરકારને ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં ૨૦૨ ધારાસભ્યોનું સમર્થન છે. ભાજપ ૧૦૨ ધારાસભ્યો સાથે સૌથી મોટી પાર્ટી છે. અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પાસે ૪૦ ધારાસભ્યો છે. એકનાથ શિંદેના નેતૃત્વમાં શિવસેના પાસે ૧૮ ધારાસભ્યો છે. ૧૪ અપક્ષ ધારાસભ્યોએ પણ એનડીએ સરકારને સમર્થન આપ્યું છે. મુખ્યપ્રધાન એકનાથ શિંદેની સરકારને અન્ય પાંચ નાના પક્ષોનું પણ સમર્થન છે.આ સિવાય વિપક્ષી છાવણીમાં કુલ ૭૧ ધારાસભ્યો છે (મહા વિકાસ અઘાડી ). કોંગ્રેસ ૩૭ ધારાસભ્યો સાથે વિપક્ષમાં સૌથી મોટી પાર્ટી છે. આ સિવાય પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં શિવસેના પાસે ૧૬ ધારાસભ્યો છે. વરિષ્ઠ રાજકારણી શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી એસપી) પાસે ૧૨ ધારાસભ્યો છે.

### ભારતીય કિસાન યુનિયન (દોઆબા) દ્વારા સોમવારે શરૂ થયેલી હડતાલમાં

# ફગવાડામાં ટિકરી-શંભુ બોર્ડર જેવી સ્થિતિ: હાઈવે પર ઊભેલા ખેડૂતો માટે રસ્તા પર લંગર

। ચંડીગઢ, તા.૨૩ ।

પંજાબના ફગવાડામાં ટિકરી અને શંભુ બોર્ડર જેવી સ્થિતિ વિકસિત થવા લાગી છે. રાજ્યમાં ડાંગરની સરળ ખરીદીના અભાવે પરેશાન ભારતીય કિસાન યુનિયન (દોઆબા) દ્વારા સોમવારે શરૂ થયેલી હડતાલ મંગળવારે પણ ચાલુ રહી હતી. મંડીઓમાં ડાંગર ઉપાડવાના અભાવે હજારો ખેડૂતો ડાંગર ભરેલા ટ્રેક્ટર-ટ્રોલીઓ સાથે રસ્તા પર આવી ગયા છે.ડેપ્યુટી કમિશનર કપૂરથલા અમિત કુમાર પંચાલ અને એસએસપી વત્સલા ગુપ્તાએ SDM ઑફિસમાં ખેડૂત નેતાઓ સાથે બેઠક યોજી હતી, પરંતુ બેઠકનું કોઈ પરિણામ આવ્યું ન હતું. જીટી રોડ પર ખેડૂતોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. દિવસ દરમિયાન અહીં લંગર પણ પીરસવામાં આવે છે.ખેડૂત આગેવાનોએ તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને જીટી રોડનો અમુક ભાગ જનતાની સુવિધા માટે ખુલ્લો મુક્યો હતો, પરંતુ



તેનાથી બહુ ફરક પડ્યો ન હતો કારણ કે રોડની પહોળાઈ ઘટી જવાને કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો અને ટ્રાફિક જામ થતો રહ્યો હતો. લોકો ખેડૂતો અને સરકાર બંનેને કોસતા રહ્યા. રાહદારીઓએ જણાવ્યું હતું કે હવે ખેડૂતો માટે પણ રોજીંદી દિનચર્યા બની ગઈ છે કે તેઓ જ્યારે પણ મન થાય ત્યારે રસ્તો રોકે છે.ડીસી અને એસએસપી સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ ખેડૂતોને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ખેડૂતો હટ્યા નહીં. આ સાથે જ કાયમી વિરોધને કારણે ખેડૂતોએ રસ્તા પર જ હંગામી રસોડું બનાવ્યું છે, ચૂલો સળગાવ્યો છે અને ચાના લંગર પણ લગાવ્યા છે. આ વખતે ખેડૂતોએ અનાજ સાથે ફગવાડામાં પડાવ નાખવાનું મન બનાવી લીધું છે.ખેડૂત નેતા મનજીત સિંહ રાય, રાજ્ય સચિવ સતનામ સિંહ સાહની, કુલવિંદર સિંહ કાલા અથૌલી કેશિયર, રાજ્યના પ્રેસ સચિવ ગુરપાલ સિંહ પાલા મૌલી, વરિષ્ઠ ખેડૂત નેતા સતનામ સિંહ બહરુ, સલવિંદર સિંહ જાવિયન, ગુરમાઈલ સિંહ મેલો, સંતોખ સિંહ લખપુરે જણાવ્યું હતું કે આજની બેઠક થઈ શકી નથી. સફળ કારણ કે પ્રશાસને સમગ્ર પંજાબની મંડીઓ ખોલવામાં અસમર્થતા દર્શાવી છે. ખેડૂતોની માંગ છે કે પંજાબમાં બજારો ખોલવામાં આવે જેથી ખેડૂતો તેમના ડાંગરનું વેચાણ કરી શકે.

### રાજ્યો પાસે ઔદ્યોગિક આલ્કોહોલનું નિયમન કરવાની સત્તા છે

# ઔદ્યોગિક દારૂ અંગે કાયદો બનાવવાનો અધિકાર રાજ્ય સરકારને છે : સુપ્રીમ કોર્ટ

। નવીદિલ્હી, તા.૨૩ ।

સુપ્રીમ કોર્ટે આજે એક મોટો નિર્ણય આપતા કહ્યું કે ઔદ્યોગિક દારૂ પર કાયદો બનાવવાની રાજ્યની સત્તા છીનવી ન શકાય. દેશની સર્વોચ્ચ અદાલતે ૮:૧ની બહુમતી સાથે આ નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ૮:૧ બહુમતીથી ચુકાદો આપ્યો હતો કે રાજ્યો પાસે ઔદ્યોગિક દારૂનું નિયમન કરવાની સત્તા છે.સુપ્રીમ કોર્ટની ૯ જજોની બંધારણીય બેન્ચે સુપ્રીમ કોર્ટના ૧૯૯૦ના નિર્ણયને પલટી નાખ્યો અને બહુમતીથી આપેલા નિર્ણયમાં ૮ ન્યાયાધીશોએ કહ્યું કે ઔદ્યોગિક આલ્કોહોલનું ઉત્પાદન નશાના હેતુઓ માટે થતું ન હોવા છતાં, આવા તમામ પદાર્થો નશાકારક પદાર્થોની



શ્રેણીમાં આવે છે. રાજ્ય સરકારો તેનું નિયમન કરી શકે છે અને કર લાદી શકે છે. જસ્ટિસ બીવી નાગરથનાએ બહુમતીના અભિપ્રાયથી અલગ નિર્ણય આપતાં કહ્યું કે માત્ર કેન્દ્ર (સંસદ) જ તેનું નિયમન કરી શકે છે. ૧૯૯૦માં, ૭-જજની બંધારણીય બેન્ચે સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ વિ. ઉત્તર પ્રદેશમાં જણાવ્યું હતું કે “નશાકારક દારૂ” નો અર્થ માત્ર નશાકારક દારૂ માટે વપરાતો આલ્કોહોલ છે, અને તે રાજ્ય માટે ઔદ્યોગિક આલ્કોહોલ (રેક્ટિફાઈડ અથવા ડિનેચર્ડ સ્પિરિટ) ને નિયંત્રિત કરવાનું હતું. સરકારની સત્તાના અવકાશની બહાર છે.સુપ્રીમ કોર્ટે આજે સ્પષ્ટ કર્યું છે કે ઔદ્યોગિક દારૂ અંગે કાયદો બનાવવાનો અધિકાર રાજ્ય સરકારને છે. તેની શક્તિ છીનવી શકાતી નથી. રાજ્યો પાસે ઔદ્યોગિક આલ્કોહોલનું નિયમન કરવાની સત્તા છે.

## બાબા સિદ્દીકીની હત્યા લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા કરવામાં આવી હતી

। નવીદિલ્હી, તા.૨૩ ।

બાબા સિદ્દીકી હત્યા કેસમાં એક મોટું અપડેટ સામે આવ્યું છે જે દર્શાવે છે કે બાબા સિદ્દીકી હત્યા કેસ પાછળ સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગનો હાથ છે. સરકારી વકીલે પણ કોર્ટમાં આ વાતની પુષ્ટિ કરી છે અને લૉરેન્સ ગેંગના સુત્રધાર શુભમ લોંકરે પણ ફેસબુક પોસ્ટ પર આ હત્યાકાંડની જવાબદારી લીધી છે. હવે એ વાત સામે આવી છે કે શૂટરોએ લોરેન્સના સાચા ભાઈ અનમોલ બિશ્નોઈ સાથે વાત કરી હતી. આ હત્યા બાદ શૂટરોના મોબાઈલ ફોનમાંથી કેટલીક એવી વસ્તુઓ મળી આવી હતી જેનાથી આ હત્યામાં લોરેન્સ અને તેની ગેંગનું નામ સીધું સામેલ હતું. વાસ્તવમાં શૂટરોએ હત્યા પહેલા કેનેડામાં રહેતા લોરેન્સ બિશ્નોઈના સાચા ભાઈ અનમોલ બિશ્નોઈ સાથે વાત કરી હતી. તેણે એક મેસેજિંગ એપ પર શૂટર્સ સાથે વાત કરી હતી અને અનમોલ બિશ્નોઈએ શૂટર્સને આ એપ દ્વારા ફોટા મોકલીને બાબા સિદ્દીકી અને તેના પુત્ર ધારાસભ્ય જીશાન સિદ્દીકીને મારવાનો કોન્ટ્રાક્ટ પણ આપ્યો હતો.જો કે શૂટરોએ ઘણી ચેટ ડિલીટ કરી દીધી હતી, પરંતુ અનમોલ બિશ્નોઈ નામની ચેટના કેટલાક અંશો મળી આવ્યા છે, જેના સંદર્ભમાં મુંબઈ પોલીસે આ માહિતી સ્પેશિયલ સેલ સાથે પણ શેર કરી છે અને શૂટરોએ જેની સાથે ચેટ કરી હતી તેનું નામ અનમોલ બિશ્નોઈ હતું. આ કેનેડામાં રહેતો અનમોલ બિશ્નોઈ છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

### ગેંગસ્ટર છોટા રાજનને મોટી રાહત

# જયા શેટ્ટી હત્યા કેસમાં બોમ્બે હાઈકોર્ટ દ્વારા જામીન મળ્યા

**વર્ષની શરૂઆતમાં આ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી**

। મુંબઇ, તા.૨૩ ।

૨૦૦૧ના જયા શેટ્ટી હત્યા કેસમાં બોમ્બે હાઈકોર્ટે ગેંગસ્ટર છોટા રાજનને જામીન આપ્યા છે. તેને આ વર્ષની શરૂઆતમાં આ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝન બેન્ચે તેમને ૧ લાખ રૂપિયાના બોન્ડ પર જામીન આપ્યા છે.છોટા રાજન ગેંગ તરફથી ખંડણીની ધમકીઓનો સામનો કરી રહેલા જયા શેટ્ટીને ૪ મે, ૨૦૦૧ના રોજ હોટલના પહેલા માળે ગેંગના બે સભ્યોએ ગોળી મારી દીધી હતી. છોટા રાજન ગેંગ તરફથી ખંડણીની ધમકીઓ અંગે માહિતી મળ્યા બાદ હોટેલિયરને પોલીસ સુરક્ષા આપવામાં આવી હતી. પરંતુ હુમલાના બે મહિના પહેલા શેટ્ટીની વિનંતી પર તેમની સુરક્ષા પછી ખેંચી લેવામાં આવી હતી.રાજન ગેંગે રવિ પૂજારી મારફત જયા શેટ્ટી પાસેથી ૫૦ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. આ કેસના અન્ય આરોપીઓ અજય મોહિતે, પ્રમોદ ધોંડે અને રાહુલ પવનરેને ૨૦૧૩માં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને તેમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. તે જ સમયે, તાજેતરમાં છોટા રાજનને દોષી ઠેરવવામાં આવ્યો હતો.છોટા રાજન વિરુદ્ધ ખંડણી અને સંબંધિત ગુનાઓ માટે ઘણા કેસ નોંધાયેલા છે, તેથી હોટેલિયરની હત્યા કેસમાં તેની અને અન્ય આરોપીઓ સામે એમસીઓસીએ હેઠળ આરોપો પણ ઉમેરવામાં આવ્યા હતા. અગાઉના બે અલગ-અલગ ટ્રાયલમાં અન્ય ત્રણ આરોપીઓને હત્યાના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને એકને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. રાજન ૨૦૧૧માં પત્રકાર જે ડેની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે અને હાલમાં તે દિલ્હીની તિહાર જેલમાં બંધ છે.દરેક વખતે કોઈને કોઈ યુક્તિ કરીને છટકી જતો છોટા રાજન પણ ફોન કોલના કારણે ફસાઈ ગયો. છોટા રાજન હંમેશા વીઓઆઈપી નંબર દ્વારા ફોન કરતો હતો.

# બેંગલુરુમાં સાત માળની ઈમારત ધરાશાયી થવાથી ૬ લોકોનાં મોત

। બેંગલુરુ, તા.૨૩ ।

કર્ણાટકના બેંગલુરુમાં બાબુસાપલ્યામાં એક નિર્માણાધીન સાત માળની ઈમારત ધરાશાયી થયા બાદ શોધ અને બચાવ કામગીરી દરમિયાન વધુ પાંચ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. આ મૃતદેહો મળી આવ્યા બાદ હવે અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા ૬ પર પહોંચી ગઈ છે. આ ઘટના મંગળવારે બની હતી, ત્યારપછી ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગ,એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો ઘટનાસ્થળે રાહત કાર્ય કરી રહી છે. આ ઘટના ત્યારે બની જ્યારે બેંગલુરુમાં ભારે વરસાદ પડી રહ્યો હતો.કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારે ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.



તેણે કહ્યું છે કે બેંગલુરુમાં આ નિર્માણાધીન ઈમારત ગેરકાયદેસર છે અને તેના માલિક સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેણે કહ્યું, “મને કહેવામાં આવ્યું હતું કે કોઈ પરવાનગી આપવામાં આવી નથી. ગેરકાયદેસર ગતિવિધિઓ ચાલી રહી છે. અમે માલિક, કોન્ટ્રાક્ટર અને તેમાં સામેલ દરેક વ્યક્તિ સામે કડક પગલાં લઈશું. બેંગલુરુમાં તમામ ગેરકાયદે બાંધકામો તાત્કાલિક બંધ કરવામાં આવશે. કોન્ટ્રાક્ટરો, અધિકારીઓ અને તે પણ મિલકત માલિકો, તમામ કાયદા હેઠળ નોંધવામાં આવશે.બિલ્ડિંગ ધરાશાયી થવાના સમયનો વીડિયો પણ સામે આવ્યો છે. આ વિડિયો ઘટના સ્થળની નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો. વીડિયોમાં આખું ઘર એકસાથે તૂટી પડતું જોઈ શકાય છે. આ ઘટનાનો વીડિયો જોઈને બધા ચોંકી ગયા છે. ઘટના સમયે ઘરમાં કામ ચાલી રહ્યું હતું અને ઘણા મજૂરો પણ ત્યાં હાજર હતા.

## બેંગલુરૂમાં ભારતની હાર બાદ કેએલ રાહુલે સંન્યાસ લીધો

। બેંગલુરૂ, તા.૨૩ ।

બેંગલુરુમાં ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં કેએલ રાહુલ સંપૂર્ણ ફ્લોપ જોવા મળ્યો હતો. મેચની પ્રથમ ઈનિંગમાં રાહુલ ખાતું ખોલાવ્યા વિના આઉટ થયો હતો અને બીજી ઈનિંગમાં તેના બેટમાંથી માત્ર ૧૨ રન આવ્યા હતા. બેંગલુરુ ટેસ્ટ બાદ રાહુલ ચાહકોના નિશાના પર છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં કેએલ રાહુલની નિવૃત્તિનો દાવો કરવામાં આવી રહ્યો છે.વાયરલ વીડિયો બેંગલુરુ ટેસ્ટ પુરો થયા બાદનો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે મેચ પૂરી થયા બાદ ખેલાડીઓ એકબીજા સાથે હાથ મિલાવી રહ્યા છે. આ દરમિયાન રાહુલ પીચની નજીક જાય છે .

### દિલ્હીની જામિયા યુનિવર્સિટીમાં હંગામો

# અલ્લાહ હુ અકબર અને પેલેસ્ટાઈન ઝિંદાબાદના નારા

। નવીદિલ્હી, તા.૨૩ ।

દિલ્હીની જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીમાં મંગળવારે રાત્રે કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત દિવાળીની ઉજવણી દરમિયાન હંગામો થયો હતો. વિદ્યાર્થીઓના બે જૂથો સામસામે આવી ગયા હતા. વિવાદ એટલો વધી ગયો કે મારામારી સુધી પહોંચી ગયો. એવો આરોપ છે કે એક સમુદાયના વિદ્યાર્થીઓએ દિવાળીની ઉજવણીનો વિરોધ શરૂ કર્યો હતો.




મોટી સંખ્યામાં પહોંચેલા અમુક સમુદાયોના વિદ્યાર્થીઓએ દીવા અને રંગોળી પ્રગટાવી વિરોધ કર્યો હતો. આ દરમિયાન મારામારી પણ થઈ હતી.આ દરમિયાન ચોક્કસ સમુદાયના વિદ્યાર્થીઓએ ધાર્મિક નારા લગાવ્યા હતા. વીડિયોમાં જોઈ શકાય છે કે ૧૦૦થી વધુ લોકો હંગામો મચાવી રહ્યા છે. લોકો અલ્લાહ હુ અકબર અને પેલેસ્ટાઈન ઝિંદાબાદના નારા પણ લગાવી રહ્યા છે. સૂત્રોચ્ચારથી વાતાવરણ તંગ બની ગયું હતું.પોલીસે જણાવ્યું કે આ ઘટના ગેટ ૭ પાસે સાંજે ૭:૩૦-૮ વાગ્યાની આસપાસ બની હતી. હજુ સુધી કોઈ એફઆઈઆર નોંધાઈ નથી. શાંતિ જાળવવા માટે કેમ્પસની બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.એબીવીપી સાથે જોડાયેલા વિદ્યાર્થીઓનું એક જૂથ દિવાળી માટે દીવા લગાવી રહ્યા હતા.




### અભિનેતાએ વીડિયો પોસ્ટ કરી સ્પષ્ટતા કરી

# શું તારક મહેતા કા ઉલ્ટા ચશ્માં શોને છોડી રહ્યો છે આત્મારામ ભીડે ?



તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવી પર સૌથી વધારે લાંબા સમય સુધી ચાલનાર શો છે. આ શો વર્ષ ૨૦૦૮થી ચાહકોનું મનોરંજન કરી રહ્યો છે. આ શોના તમામ પાત્ર ચાહકોને ખુબ પસંદ આવે છે પરંતુ કેટલાક એવા પણ સ્ટાર છે, જે આ શો છોડી ચાલ્યા ગયા છે. કેટલીક વખત સોશિયલ મીડિયા પર અભિનેતાઓને લઈ અફવાઓ પણ આવતી હોય છે. હવે શોના આત્મારામ ભીડેને લઈ એક સમાચાર સામે આવ્યા છે કે, તે આ શો છોડી રહ્યા છે. આ અફવાની સ્પષ્ટતા ખુદ અભિનેતા ભીડે માસ્ટરે કરી છે.યુટ્યુબ પર આત્મારામનું પાત્ર નિભાવનાર મંદાર ચંદવાદકરનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં અભિનેતા હાથ જોડતો ફોટો જોવા મળી રહ્યા છે.તેના પર લખ્યું છે કે, તે મેકર્સનો પર્દાફાશ કરી રહ્યો છે અને તેમણે આ શો છોડી દીધો છે. આ વીડિયો બાદ મંદારે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. જેમાં આ અફવાને ખોટી ગણાવી છે.મંદાર ચંદવાદકરે જે વીડિયો પોસ્ટ કર્યો છે. તેમાં કહ્યું નમસ્કાર ચાહકો સૌથી પહેલા સૌ કોઈને જન્માષ્ટમીની શુભકામના, આ વીડિયો જશ્ન વિશે નથી પરંતુ હું કાંઈ અન્ય વાત કરવા માંગુ છુ. મોટાભાગના લોકોએ આ વીડિયો જોયો છે. જેના પર થમ્બનેલ લાગ્યા છે. ગોલીને બહાર કરવામાં આવ્યો, આજ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની સચ્ચાઈ કહી દઈશ. દયા ભાભી નહિ આવે તો હું પણ શો છોડી દઈશ. આ વીડિયો જોઈ મને પણ આશ્ચર્ય થયું અને દુખ થયું. કેવી રીતે લોકો સોશિયલ મીડિયાનો ખોટો ઉપયોગ કરી રહ્યા છે. આ બધું માત્ર અફવા છે. વીડિયો પોસ્ટ કરી અભિનેતાએ કૈપ્શનમાં લખ્યું પ્લીઝ અફવાઓમાં વિશ્વાસ ના કરો અને પ્લીઝ આવી અફવાઓ ન ફેલાવો. તારક મહેતા કા ઉલ્ટા ચસ્મા શો વર્ષ ૨૦૦૮થી ચાહકોનું મનોરંજન કરી રહ્યું છે. આવનાર વર્ષોમાં પણ આવું જ મનોરંજન કરતા રહેશે.

# એક સમયે ઓરીને ૬૦ સેકન્ડની રીલ બનાવવામાં ૮ કલાકનો સમય લાગતો હતો

### હવે કરણ જોહરે તેને લોન્ચ કરી છે



ઈન્ટરનેટ સ્ટાર ઓરીએ અભિનયની શરૂઆત કરી છે. દિગ્દર્શક અને નિર્માતા કરણ જોહરને કારણે આ બન્યું છે. વાસ્તવમાં ઓરીએ કરણ સાથે એક જાહેરાતમાં કામ કર્યું છે. હવે તેણે એક ઈન્ટરવ્યુમાં આ વિશે વાત કરી છે. ઓરીએ કહ્યું કે લોકો માને છે કે તે એક્ટિંગ કરી શકે છે, પરંતુ આ સાચું નથી. તેને પોતાના પર ગર્વ છે કે તે લાંબો પ્રવાસ કરીને અહીં સુધી પહોંચ્યો છે. ઓરીએ તેના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં કરણ જોહર સાથે કામ કરવાની તક વિશે વાત કરી છે. તેણે કહ્યું, ‘કરણ જોહર અને હું મિત્રો છીએ, અમે પાર્ટીઓમાં વાત કરીએ છીએ અને મળીએ છીએ. અમે અહીં અને ત્યાં વાત કરી છે અને અમારું બોન્ડ સારું છે. પરંતુ જ્યારે કેમેરાની સામે કરણ જોહરના મિત્ર બનવાની વાત આવે છે, ત્યારે મિત્રતાનો કોઈ અર્થ નથી કારણ કે અમે કેમેરાની સામે મિત્રો નથી. કરણ ઈન્ડસ્ટ્રીમાં સિનિયર છે. તે છે કરણ જોહર. તેણે ઘણી બધી વસ્તુઓ હાંસલ કરી છે, હું સેટ પર તેની સાથે મિત્રતા ન કરી શકું. આ વિશે વધુ વાત કરતાં ઓરીએ કહ્યું, ‘તેથી જ્યારે સેટની વાત આવે છે, ત્યારે હું કરણ જોહર પ્રત્યે ખૂબ જ પ્રોફેશનલ છું, કારણ કે તેને માન આપવાની આ મારી રીત છે. ભલે અમારું બંધન ઑફ કૅમેરા અને ઑફ સેટ જેવું હોય, હું સેટ પર જઈશ નહીં અને ઓહ અમે મિત્રો છીએ એવું વર્તન નહીં કરીશ. કારણ કે કરણ જોહરનો સમય મહત્વનો છે. આ એક વર્ક સેટઅપ છે. તે એક અનુભવી અભિનેતા છે. તે અનુભવી દિગ્દર્શક છે. અનુભવી નિર્માતા છે. તેણે શું કર્યું છે તે મારે તમને કહેવાની પણ જરૂર નથી.

# અનુપમા ફેમ રૂપાલી ગાંગુલી પર તૂટી પડ્યો દુઃખનો પહાડ

### પ્રખ્યાત ટીવી અભિનેત્રી રૂપાલી ગાંગુલીએ સિરિયલ ‘અનુપમા’ દ્વારા દરેક ઘરમાં પોતાનું નામ બનાવ્યું છે



અનુપમા એક્ટ્રેસ રૂપાલી ગાંગુલીની રિયલ સાસુનું નિધનઃ થયું છે. પ્રખ્યાત ટીવી અભિનેત્રી રૂપાલી ગાંગુલીએ સિરિયલ ‘અનુપમા’ દ્વારા દરેક ઘરમાં પોતાનું નામ બનાવ્યું છે. રૂપાલી ગાંગુલીની સ્ટાઈલ જોઈને ફેન્સ પણ તેના વખાણ કરતા થાકતા નથી. પરંતુ તાજેતરમાં રૂપાલી ગાંગુલી પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. ખરેખર, રૂપાલી ગાંગુલીના સાસુ સુદર્શન વર્માનું નિધન થયું છે. રૂપાલી ગાંગુલીએ પોતે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી છે. રૂપાલી ગાંગુલીની પોસ્ટમાં, તેના સાસુ તેના પૌત્ર રુદ્રાંશને જન્મદિવસની શુભેચ્છાઓ આપતા જોવા મળ્યા હતા.રૂપાલી ગાંગુલીએ તેની સાસુનો વિડીયો શેર કરતા લખ્યું કે, “રુદ્રાંશનો પહેલો જન્મદિવસ એક વ્યક્તિ વગર જે તેને તેના માતા-પિતા કરતા વધારે પ્રેમ કરે છે. દાદીનો લાડલો કૃષ્ણ. શ્રીમતી સુદર્શન વર્મા, અમે હંમેશા તમારી યાદ કરીશું.” હંમેશા તમારા માતા-પિતા અને દાદા-દાદીનો આદર કરો. રૂપાલી ગાંગુલીની પોસ્ટ જોઈને ચાહકો પણ નિરાશ જોવા મળ્યા હતા. બધા કમેન્ટમાં શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.રૂપાલી ગાંગુલીની પોસ્ટ પર કોમેન્ટ કરતાં એક યુઝરે લખ્યું, “ભગવાન તેની આત્માને શાંતિ આપે. ઓમ શાંતિ.” જ્યારે અન્ય એક યુઝરે લખ્યું, “તેમની આત્માને શાંતિ મળે. તે હંમેશા તેના રુદ્રાંશ માટે ગાર્ડિયન એન્જલ બની રહેશે.” રૂપાલીના પતિ અશ્વિન વર્મા બિઝનેસમેન છે. બંનેએ ૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ લગ્ન કર્યા હતા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ તેમના ઘરે બાળકોનો જન્મ થયો હતો. પુત્રનું નામ રુદ્રાંશ છે. ત્યારે દિકરાના જન્મદિવસે જ દાદીનું મૃત્યુ થયુ હતુ. ત્યારે રુપાલીના પરિવાર પર હાલ દુખોનો પહાળ તુટી પડ્યો છે લોકો તેમને કમેન્ટ કરી શાંતવના આપી રહ્યા છે.રૂપાલી ગાંગુલીના કરિયરની વાત કરીએ તો આ દિવસોમાં તેનો ટીવી શો ‘અનુપમા’ નાના પડદા પર ધૂમ મચાવી રહ્યો છે.

# ૧૨૫ મિલિયન ડૉલરની ડીલ કરનાર એલેક્સ કૂપર કોણ છે?

ભારતમાં પોડકાસ્ટનો જમાનો હજુ શરૂ થયો છે અને ઘણી સેલિબ્રિટીઝ પણ તેમાં જોડાઈ છે. સ્પોર્ટ્સ, એક્ટિંગ અને સોશિયલ સર્વિસ સહિત વિવિધ ક્ષેત્રમાં જોડાયેલી ટેલેન્ટ પોડકાસ્ટ પર હાથ અજમાવી રહી છે. પોડકાસ્ટની આગેકૂચને વધારે વેગ આપે તેવા સમાચાર હોલિવૂડમાંથી આવ્યા છે. ‘કૉલ હર ડેડી’ પોડકાસ્ટ શો માટે જાણીતી એલેક્સ કૂપરે સિરિયસ એક્સએમ સાથે ૧૨૫ મિલિયન ડૉલરની ડીલ સાઈન કરી હોવાની ચર્ચા છે. આ શો ૨૦૨૫માં સિરિયસ એક્સએમ પર સ્ટ્રીમ થશે. આ ડીલ સાથે એલેક્સે સ્પોટીફાય સાથે પોતાનો છેડો ફાડી લીધો છે. આ પોડકાસ્ટ સિરિયસએક્સએમ પર એક્સ્કલુઝીવ નહીં હોય. આ પોડકાસ્ટ શો બીજા પ્લેટફર્મ્સ પર પણ સાંભળી શકાશે. કેટલાંક અહેવાલો અનુસાર એલેક્સના કરારમાં સિરિયસએક્સએમને પોડકાસ્ટના એક્સ્ક્લુઝિવ ડિસ્ટ્રીબ્યુશન અને એડવર્ટાઈઝિંગ રાઈટ્સ આપવામાં આવ્યા છે. તે ઉપરાંત તેને આ નબળી પડી રહી બ્રાન્ડના વિવિધ શોના આયોજનના હકો પણ મળ્યા છે. તેમાં ‘પ્રિટી લોનસમ વીથ મેડલિન આર્જી’, ‘હોટ મેસ વીથ એલિક્સ અર્લે’, ‘ઈન યોર ડ્રીમ્સ વીથ ઓવેન થીલી’ અને ‘બોયળેન્ડ મટિરીયલ વીથ હેરી જોસી’નો સમાવેશ થાય છે. આ ડીલ વિશેના અહેવાલો અનુસાર, આ ડીલ ત્રણ વર્ષ માટે છે.

# ‘બોલીવુડ એક નિરાશાજનક જગ્યા છે, મેં દરેકને મારા દુશ્મન બનાવી દીધા છે’


### કંગના રનૌતે આવું કેમ કહ્યું?

બોલિવૂડ એક્ટ્રેસ-સાંસદ કંગના રનૌત અવારનવાર બોલિવૂડ વિરુદ્ધ કંઈક બોલતી જોવા મળે છે. આ વખતે તેણે બોલિવૂડને ‘નિરાશાહીન’ સ્થળ ગણાવ્યું છે. ઈન્ડિયા ટુડે સાથે વાત કરતા કંગનાએ મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જાતીય સતામણી અંગેના રિપોર્ટ વિશે વાત કરી અને કહ્યું કે આ નવું નથી અને ૬ વર્ષથી છુપાયેલું છે. કંગનાએ દાવો કર્યો કે તે શરૂઆતથી જ આ મુદ્દાઓ પર વાત કરતી રહી છે. જેના કારણે બોલિવૂડમાં દરેક વ્યક્તિ તેના દુશ્મન બની ગયા છે. કંગનાએ કહ્યું- તેઓ તેને ૬ વર્ષ સુધી છુપાવી રહ્યા હતા. ૬ વર્ષથી તેના પર બેઠા છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે મારે કંઈ કહેવું નથી. આ એક ખૂબ જ નિરાશાજનક જગ્યા છે. મારી પાસે જે હતું તે બધું મેં આપી દીધું. મારી સામે બે કેસ નોંધાયેલા છે. મેં ઈર્સ્ ચળવળ શરૂ કરી, જે ક્યાંય આગળ વધી નથી. મેં સમાંતર નારીવાદી સિનેમા શરૂ કર્યું હતું, પરંતુ તે સ્ત્રીઓએ મારા પર હુમલો કરવાનું શરૂ કર્યું. “જ્યારે મારી ફિલ્મ કામ કરતી નથી, ત્યારે મહિલાઓ ઉજવણી કરે છે. હું સમાન ફી મેળવવા માટે લડ્યો, મારા કારણે તેમને ફિલ્મો મળવા લાગી, પરંતુ તેઓ મારી નિષ્ફળતાથી ખુશ છે. હું કોઈ ખાન, કુમાર કે કપૂરની ફિલ્મો નથી કરતો. જો મેરી ઈમરજન્સી જેવી ફિલ્મ સારી ચાલશે તો તેઓ તેને છુપાવશે. આ ક્યાંય જોવા નહીં મળે. “તમે મારો અને આમિર ખાનનો સત્યમેવ જયતે એપિસોડ જોયો જ હશે. હું તમામ મુદ્દાઓ સામે લાવું છું.



# ડેબ્યુ કરતાની સાથે જ ૧૦૭ ફિલ્મો સાઈન કરી, ૩૯ વર્ષથી ગુમનામ છે એક્ટર!

૮૦ના દાયકામાં હિન્દી સિનેમામાં એક એવા એક્ટરે એન્ટ્રી કરી, જેને જોવા સલમાન ખાન અને સંજય દત્ત જેવા સ્ટાર પણ આવતા હતા. ડેબ્યૂ કરતાં જ આ એક્ટરે ધમાલ મચાવી દીધી. ગોવિંદા અને ધર્મેન્દ્રએ તો આ એક્ટરની સાથે કામ કરવાથી પણ ના પાડી દીધી હતી.જબરદસ્ત પર્સનાલિટી અને સુપરહિટ બોડીના દમદાર કોમ્બિનેશનની સાથે ધમાકેદાર એક્ટિંગ ટેલેન્ટની પણ ભરમાર હતી. સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ ‘એડવેન્ચર ઑફ ટાર્ઝન’થી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરનાર એક્ટરનું નામ છે હેમંત બિર્જે. હેમંતની ડેબ્યૂ ફિલ્મે તેમને એ ઓળખ અપાવી, જેને પામવા માટે લોકોને વર્ષો સુધી સંઘર્ષ કરવો પડે છે.સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ ‘એડવેન્ચર ઑફ ટારઝન’થી ડેબ્યૂ કરનાર હેમંત પોતાની દમદાર બૉડીને લઈને લાઈમલાઈટમાં છવાયેલા રહેતા. તે દોરમાં તેમની પર્સનાલિટી કોઈ હીરોથી ઓછી ન હતી. આ જ કારણે તે તેમની પહેલી ફિલ્મમાં છવાઈ ગયા હતા. લોકો તેમની પર્સનાલિટી અને એક્ટિંગ જોઈને ડરવા લાગ્યા, કે તેમનું કરિયર ખતરામાં છે. પરંતુ પોતાના સારા લુક્સના કારણે તેમને ઘણી ફિલ્મોથી બહાર કરવામાં આવ્યું હતું.હેમંતની ડેબ્યૂ ફિલ્મ હિટ સાબિત થઈ હતી. પોતાની પહેલી ફિલ્મ બાદ તેમને એક-બે નહીં પરંતુ ૧૦૭ ફિલ્મો સાઈન કરી હતી, પરંતુ કંઈક એવું બન્યું કે, એક-એક ફિલ્મથી એ એક્ટરે ગુમાવવી પડી.



# રાની મુખર્જી ફરી એક વખત શિવાની શિવાજી રોય તરીકે હાજર થશે

યશરાજ ફિલ્મ્સ દ્વારા ગુરુવારે ઓફિશીયલી જાહેરાત કરવામાં આવી છે કે, તેઓ ‘મર્દાની’ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ સાથે આવી રહ્યા છે. ૨૦૧૪માં પહેલી ફિલ્મ રિલીઝ થઈ હતી, તેની દસમી એનિવર્સરી નિમિત્તે આ જાહેરાત કરવામાં આવી છે. યશરાજ ફિલ્મ્સ દ્વારા એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં આગળની બે ફિલમોની હાઈલાઈટ્સ રજૂ કરવામાં આવી હતી. જેના દ્વારા આ દાયકા દરમિયાન ફિલ્મને મળેલા પ્રેમ અને સહકાર બદલ પહેલાં દર્શકો પ્રત્યે ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે શિવાની શિવાજી રૉય એટલે કે રાની મુખર્જીની ત્રીજી ફિલ્મનું કામ ચાલુ છે. આ વીડિયો સાથે કૅપ્શનમાં લખ્યું હતું,“મર્દાનીના દસ વર્ષ અને નવા પ્રકરણની રાહ જોવાઈ રહી છે...આજે એક બહાદુર, બાહોશ પોલિસ અધિકારી શિવાની શિવાજી રોય અને મર્દાનીના જુસ્સાની ઉજવણી કરીએ છીએ. મારી પ્યારી ફ્રેન્ચાઈઝીને એક દાયકા સુધી પ્રેમ અને સરાહના આપવા બદલ આપનો આભાર. આપના કારણે..અમને ફરી ....પ્રેરણા મળી છે...” મર્દાની ફ્રેન્ચાઈઝીની ફિલ્મોને વિવેચકોએ પણ વખાણી છે અને આ ફિલ્મને બોક્સ ઓફિસ પર પણ સારી સફળતા મળી છે, જે દર્શકોને મજબૂત સંદેશ અને જકડી રાખએ તેની કથાથી આકર્ષવામાં સફળ રહી છે. હજુ આગામી ફિલ્મની કાસ્ટ નક્કી થઈ રહી છે, પરંતુ શિવાની શિવાજી રોય તરીકે રાની મૂખર્જી દર્શકોને મનોરંજન પૂરું પાડવા તૈયાર છે.



# ‘એ ગુજરને વાલી હવા બતા...’ વરુણ ધવનની ધમાકેદાર એન્ટ્રી

### ‘બોર્ડર ૨’નું ટીઝર થયું જાહેર

‘ગદર ૨’ પછી સની દેઓલ ‘બોર્ડર ૨’ લઈને આવી રહ્યા છે, અને હવે આ ફિલ્મની ઓફિશિયલ જાહેરાત પણ કરવામાં આવી છે. વરુણ ધવને પણ આ ફિલ્મમાં શાનદાર એન્ટ્રી કરી છે અને ટીઝરમાં તેનો અવાજ પણ સાંભળી શકીએ છીએ. વરુણ ધવને પોતે ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું ટીઝર શેર કર્યું છે.ટીઝરની શરૂઆત સોનુ નિગમના અવાજથી થાય છે જેમાં તે બોર્ડરનું પ્રખ્યાત ગીત ‘સંદેશ આતે હૈં’ ગાય છે, આગળ વરુણ ધવનનો અવાજ આવે છે અને તે કહે છે, ‘દુશ્મનની દરેક ગોળી મને જય હિંદ કહીને વાગે છે, જ્યારે ધરતી માતા બોલાવે છે, હું બધું છોડી દઉં છું.’ પોસ્ટમાં ફિલ્મની રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. તમે આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ ના ગણતંત્ર દિવસના અવસર પર જોઈ શકશો. વરુણ ધવને ટીઝરની સાથે એક લાંબી પોસ્ટ પણ લખી છે, અભિનેતાએ કેપ્શનમાં લખ્યું છે, “હું ચોથા ધોરણનો બાળક હતો જ્યારે હું ચંદન સિનેમા ગયો અને બોર્ડર જોયું અને તેની મારા પર ખૂબ જ ઊંડી છાપ પડી. સભાખંડમાં આપણે બધાએ અનુભવેલી રાષ્ટ્રીય ગૌરવની ભાવના મને હજુ પણ યાદ છે. મેં આપણા સશસ્ત્ર દળોને આદર્શ માનવાનું શરૂ કર્યું અને આજે પણ હું તેમને સલામ કરું છું કે તેઓ કેવી રીતે આપણું રક્ષણ કરે છે અને આપણને સુરક્ષિત રાખે છે, પછી તે આપણી સરહદો પર હોય કે કુદરતી આફતો દરમિયાન. જે.પી. દત્તા સરની યુદ્ધ મહાકાવ્ય હજુ પણ મારી પ્રિય ફિલ્મોમાંની એક છે.





આ ઘટના કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર બની હતી

# શાલીમાર એક્સપ્રેસના બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

। નાગપુર, તા.૨૩ ।

નાગપુરમાં એક ટ્રેન અચાનક પાટા પરથી ઉતરી ગઈ. આ અકસ્માત નાગપુરના ઈટવારી રેલવે સ્ટેશન પાસે થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે મુંબઈથી આવી રહેલી શાલીમાર એક્સપ્રેસ ટ્રેન ઈટવારી રેલવે સ્ટેશન પર પહોંચતા જ અચાનક પાટા પરથી ઉતરી ગઈ હતી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ટ્રેનના જી૧ અને જી૨ કોચ પાટા પરથી ઉતરી ગયા છે. આ ઘટનામાં હજુ સુધી કોઈના ઘાયલ થયા હોવાની માહિતી નથી. અકસ્માત બાદ રાહત અને બચાવ કાર્ય ઉપરાંત રેલવે ટ્રેકને રિપેર કરવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે.દુર્ઘટના વિશે માહિતી આપતા મધ્ય રેલવેના પ્રવક્તાએ કહ્યું કે, 'આ ઘટના કલ્યાણ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨ પર બની હતી, જ્યારે એક કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. ટ્રેન ઝજીર્ તરફ જઈ રહી હતી ત્યારે એક કોચ પાટા પરથી ઉતરી ગયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ ઘટના બાદ ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલ તરફ ધીમી ગતિનો ટ્રેક બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે ઘણી ટ્રેનોને ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ડાયવર્ટ કરવામાં આવી હતી. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.આ પહેલા આસામના ડિબ્લોંગ સ્ટેશન પાસે એક ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી.

## હમાસ સાથે યુદ્ધવિરામની સંભાવના વધીઃ બંધકોને છોડાવવા વાતચીત કરાશે

# હમાસ-હિઝબુલ્લાહ સાથેના યુદ્ધ વચ્ચે અમેરિકી વિદેશ મંત્રી ઇઝરાયેલ પહોંચ્યા

**ઇઝરાયેલ હાલ અનેક મોરચે યુદ્ધ લડી રહ્યું છે, આતંકી સંગઠનો હિઝબુલ્લાહ અને હમાસ સાથેની તેની લડાઇ ભીષણ તબક્કામાં છે । લડાઇ ભીષણ તબક્કામાં**

। તેલ અવીવ, તા.૨૩ ।

ઈઝરાયેલ હાલ અનેક મોરચે યુદ્ધ લડી રહ્યું છે. આતંકી સંગઠનો હિઝબુલ્લાહ અને હમાસ સાથેની તેની લડાઈ ભીષણ તબક્કામાં છે ત્યારે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિન્કન ઈઝરાયેલની મુલાકાતે પહોંચ્યા છે. જેને પગલે એવી આશા બંધાઈ છે કે બ્લિન્કન યુદ્ધવિરામ માટે પ્રયાસો કરશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ લડાઈને વધુ ભીષણ બનાવવાની તેમજ આતંકી સંગઠનોને નેસ્તનાબૂદ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. તેમણે ઈરાનને પણ આકરી ચેતવણી આપી હતી. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ પછી બ્લિન્કન ૧૧મી વખત ઈઝરાયેલ પહોંચ્યા છે. જોકે તેમણે જેઓ ઈઝરાયેલમાં પગ મુક્યો હિઝબુલ્લાએ મોટો હુમલો કરી દેતાં સ્થિતિ વણસી



છે. જેને પગલે તત્કાળ સાયરનો વાગવા લાગી હતી. જોકે આ હુમલામાં કોઈને ઈજા પહોંચી નહતી. તેઓ ઈઝરાયેલના અનેક મંત્રીઓને મળવાના છે. અમેરિકાના વિદેશ વિભાગનું કહેવું છે કે બ્લિન્કન ગાઝામાં યુદ્ધનો અંત લાવવા પર ધ્યાન આપશે. જોકે તેની સાથે હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલાં ઈઝરાયેલના લોકોને છોડવા અંગે પણ ચર્ચા કરશે. ગાઝાને મળતી સહાયમાં પણ વધારો કરવાની તેમની યોજના છે. લેબનોન સ્થિત આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહે ઈઝરાયેલના તેલ અવીવ ક્ષેત્ર પર એક સાથે ૨૦ રોકેટથી હુમલો કર્યો હતો.

ઈઝરાયેલની ડિફેન્સ ફોર્સે એક નિવેદનમાં કહ્યું કે, લેબનનથી તેલ અવીવ ક્ષેત્રની તરફ જનારી પાંચ પ્રોજેક્ટાઈલની ઓળખ કરાઈ, જેમાંથી મોટાભાગના રોકેટને હવામાં જ રોકી નાખવામાં આવ્યા હતા. આ હુમલામાં કોઈ ઘાયલ થયું નથી. અપર ગેલિલી અને ઉત્તર ગોલાન હાઈટ્સ તરફ પણ લગભગ ૧૫ રોકેટ અને પ્રોજેક્ટાઈલ છોડ્યા હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે કહ્યું કે, કેટલાક પ્રોજેક્ટાઈલને રોકી દેવાયા હતા અને બાકીના ખુલ્લા વિસ્તારમાં પડ્યા હતા. જોકે, હાઈફાના દક્ષિણમાં છરા લાગવાથી એક વ્યક્તિને નજીવી ઈજા થઈ છે. ઈઝરાયેલ હાલ અનેક મોરચે યુદ્ધ લડી રહ્યું છે. આતંકી સંગઠનો હિઝબુલ્લાહ અને હમાસ સાથેની તેની લડાઈ ભીષણ તબક્કામાં છે ત્યારે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિન્કન ઈઝરાયેલની મુલાકાતે પહોંચ્યા છે

## ભારત અને ઓસ્ટ્રેલિયા સીરીજ પહેલા ડેવિડ વોર્નર નિવૃત્તિમાંથી પરત ફરી શકશે

। નવી દિલ્હી, તા.૨૩ ।

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર ડેવિડ વોર્નરે ભારત અને ઓસ્ટ્રેલિયા સીરીઝ પહેલા મોટું નિવેદન આપ્યું છે. તેણે આગામી શ્રેણી પહેલા ટીમમાં પરત ફરવાની વાત કરી છે. તમને જણાવી દઈએ કે આ અનુભવી ખેલાડીએ આ વર્ષે જાન્યુઆરીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું હતું. જોકે, હવે તેનું મન ડગમગી રહ્યું છે. તે નિવૃત્તિમાંથી પરત ફરવાની તૈયારી કરી રહ્યો છે.ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૨ નવેમ્બરથી પાંચ મેચની ટેસ્ટ શ્રેણી શરૂ થશે. તેને બોર્ડર-ગાવસ્કર ટ્રોફી તરીકે પણ ઓળખવામાં આવે છે. આગામી સિરીઝ પહેલા ૩૮ વર્ષીય વોર્નરે કહ્યું છે કે જો તેને રમવાની તક મળશે તો તે બિલકુલ મોડું નહીં કરે.વોર્નરે કોડ સ્પોર્ટ્સને કહ્યું, હું હંમેશા ઉપલબ્ધ છું, તે માત્ર એક કોલ મેળવવાની વાત છે. હું હંમેશા ગંભીર છું. સાચું કહું તો, ખેલાડીઓએ ફેબ્રુઆરીમાં તેમની છેલ્લી ટેસ્ટ મેચ પછી માત્ર એક લાલ બોલની મેચ (શીલ્ડનો પ્રથમ રાઉન્ડ) રમી છે. તેથી મારી તૈયારી લગભગ સમાન છે.

## પાકિસ્તાની ખેલાડીઓની હરકતોથી પરેશાન ગિલેસ્પીએ સફાઈની જવાબદારી લીધી

। નવીદિલ્હી, તા.૨૩ ।

પાકિસ્તાન અને ઈંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ત્રણ મેચોની ટેસ્ટ શ્રેણીની ત્રીજી અને નિર્ણાયક મેચ ૨૪ ઓક્ટોબરથી રાવલપિંડીમાં રમાશે. આ સિરીઝ ૧-૧ થી બરાબર થઈ ગઈ છે. પાકિસ્તાનની ટીમ આગામી મેચ માટે મેદાન પર ઘણો પરસેવો પાડી રહી છે. જોકે આ દરમિયાન ખેલાડીઓએ એવું કૃત્ય કર્યું કે કોચ જેસન ગિલેસ્પી પોતાનો ગુસ્સો ગુમાવી બેઠો.વાસ્તવમાં, પાકિસ્તાની ખેલાડીઓએ પ્રેક્ટિસ સેશન દરમિયાન મેદાન પર ખાલી બોટલો અને કચરો છોડી દીધો હતો. આ ક્રિયાઓથી પરેશાન થઈને ગિલેસ્પીએ પોતે સફાઈની જવાબદારી ઉપાડી લીધી અને મેદાનની આસપાસ ફેલાયેલી ગંદકી ઉપાડવાનું શરૂ કર્યું. તેનો વીડિયો હવે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ પાકિસ્તાની ખેલાડીઓની જોરદાર ટીકા કરી રહ્યા છે.આ એક નાની વાત છે, પરંતુ તે અમારા ખેલાડીઓની માનસિકતા દર્શાવે છે. પોતાને પછી સાફ કરવું એ એક મામૂલી કાર્ય માનવામાં આવે છે. કેટલીક મૂળભૂત રીતભાત શીખો. વીડિયોમાં કોચ ગિલેસ્પીને એક પછી એક બોટલ ઉપાડતા જોઈ શકાય છે. આ પછી તે તેમને ડસ્ટબિનમાં ફેંકી દે છે.


## ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ ડાયવર્ટ કરાઇ

# એક જ દિવસમાં વધુ ૫૦ ફ્લાઇટ્સને બોમ્બની ધમકી : તમામ અફવા

**ડોમેસ્ટિક ફ્લાઇટમાં વિક્ષેપ માટે આશરે રૂ. ૧.૫ કરોડનું નુકસાન થાય છે, જ્યારે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ માટે રૂ. ૫-૫.૫ કરોડનો ખર્ચ થતો હોય છે**

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય વિમાનોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી યથાવત રહી છે. છેલ્લાં ૨૪ કલાકમાં આશરે ૮૦ વિમાનોને ઉડાવી દેવાની ધમકી મળી છે. મંગળવારે જ ૫૦થી વધુ વિમાનોને મળેલી ધમકી અફવા પૂરવાર થઇ હતી. જેને પગલે ત્રણ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવાની ફરજ પડી છે. જોકે આને કારણે હજારો મુસાફરો અને સલામતી સંસ્થાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. એક અંદાજ પ્રમાણે આ ધમકીને કારણે વિમાની કંપનીઓને રૂ. ૬૦૦ કરોડનું નુકસાન થયું હતું. મંગળવારે જ લગભગ ૫૦ ફ્લાઈટ્સ, જેમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયાની ૧૩ ફ્લાઈટને બોમ્બની



ધમકીઓ મળી હતી. અકાસા એરની ૧૨થી વધુ ફ્લાઈટ્સ માટે અને વિસ્તારાની ૧૧ જેટલી ફ્લાઈટ્સને પણ ધમકીઓ મળી હતી. ઈન્ડિગો, એર ઈન્ડિયા અને વિસ્તારાની આશરે ૩૦ જેટલી ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળી હતી. ઉલ્લેખનીય છે કે માત્ર નવ દિવસોમાં જ ભારતીય વિમાની કંપનીઓને ૧૭૦થી વધુ ફ્લાઈટ્સ મળતાં ભારે ચકચાર મચી જવા પામી છે. સોશિયલ મીડિયામાંથી મળતી ધમકીઓનો સિલસિલો અટકવાનું નામ નથી લેતું. ડોમેસ્ટિક ફ્લાઈટમાં વિક્ષેપ માટે આશરે રૂ. ૧.૫ કરોડનું નુકસાન થાય છે, જ્યારે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ માટે રૂ. ૫-૫.૫ કરોડનો ખર્ચ થતો હોય છે.તમામ ફ્લાઈટ્સના મુસાફરોને એરપોર્ટ્સ પર સલામત સ્થળોએ ઉતારવામાં આવ્યા હતા.

**ભારત સાથે 'ક્લાઇમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાતઃ મરિયમ**

# લાહોર વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર : કૃત્રિમ વરસાદની તૈયારી

**મૃત્યુઆંક વધી શકે છે, હાલ રાહત અને ભારત સાથે 'ક્લાઇમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાત : મરિયમ**



। લાહોર, તા.૨૩ ।

લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરાયા પછી પાકિસ્તાન ધુમ્મસની અસર ઘટાડવા શહેરમાં કૃત્રિમ વરસાદ વરસાવવાની યોજના ધરાવે છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતે મંગળવારે જણાવ્યું હતું કે, લાહોરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૯૪ના સ્તરે પહોંચ્યો છે ત્યારે લાહોરમાં બીજી વખત કૃત્રિમ વરસાદનો પ્રયાસ કરાશે. પાકિસ્તાનની સાંસ્કૃતિક રાજધાની ગણાતા લાહોરમાં નિયમિત રીતે પ્રદૂષણનું સ્તર ચેતવણીના સ્તરને પાર કરતું હોય છે. ૩૯૪ના એક્યૂઆઇ સાથે લાહોરને વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કરવામાં આવ્યું હતું. એક્યૂઆઇનું ૧૦૦થી ઉપરનું સ્તર 'બિનઆરોગ્યપ્રદ' અને ૧૫૦થી ઊંચું સ્તર 'બહુ બિનઆરોગ્યપ્રદ' ગણાય છે. પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે ધુમ્મસની અસર ઘટાડવા માટે ભારત સાથે 'ક્લાઈમેટ ડિપ્લોમસી'ની જરૂરિયાત જણાવી હતી. હવે અમે શહેરમાં કૃત્રિમ વરસાદની યોજના બનાવી રહ્યા છીએ.''

## ન્યૂઝ બ્રિફ



### ભાજપના નેતાઓ ચૂંટણી પહેલા ખોટા વાયદા કરીને જનતાને ગુમરાહ કરી રહ્યા છે : હેમંત સોરેન

। રાંચી, તા.૨૩ ।

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેને ભાજપના નેતાઓ પર વિધાનસભા ચૂંટણી પહેલા ખોટા વચનો આપી લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. સીએમ સોરેને કહ્યું કે ભગવા પાર્ટીના નેતાઓ રાજ્યના ખનિજ સંસાધનો પર નજર રાખે છે અને મતદારોને તેમના વચનો પ્રત્યે સાવચેત રહેવાની અપીલ કરી છે.ચંદિલમાં એક ચૂંટણી રેલીને સંબોધતા મુખ્યમંત્રી સોરેને કહ્યું કે વિપક્ષી નેતાઓ ચૂંટણીમાં લોકોને ખોટા વચનો આપીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમનાથી સાવધ રહો કારણ કે તેઓ ઝારખંડના ખનિજ સંસાધનો પર નજર રાખે છે. તેમણે જેએમએમના ઈચાગઢના ઉમેદવાર સબિતા મહતો માટે મત માંગવા માટે એક રેલીમાં પણ ભાગ લીધો હતો, જેમણે અગાઉના દિવસે તેમનું ઉમેદવારી પત્ર ભર્યું હતું.

### ફૂટબોલ મેદાન પર અરાજકતા, ગોળીઓ છોડવામાં આવી; પાંચના મોત

। કિંગ્સટન, તા.૨૩ ।

ફૂટબોલ જગતમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જમૈકામાં ફ્રેન્ડલી ફૂટબોલ મેચ દરમિયાન એક દુઃખદ ઘટના બની હતી. જ્યારે ફૂટબોલ મેચ દરમિયાન ફાયરિંગમાં પાંચ લોકોના મોત થયા હતા. ઘણા લોકો ઘાયલ થયા હોવાનું પણ કહેવાય છે. અનેક લોકોને ગંભીર ઈજાઓ પણ થઈ છે. સ્થાનિક પોલીસે આ માહિતી આપી હતી. જો કે આ ફાયરિંગમાં કેટલા લોકો ઘાયલ થયા છે તે હજુ સુધી જાણવા મળ્યું નથી.પોલીસે પત્રકારોને જણાવ્યું કે ગોળીબાર સોમવારે મોડી રાત્રે જમૈકાની રાજધાની કિંગ્સટનમાં એક મેચ દરમિયાન થયો હતો. પોલીસ ફાયરિંગનું કારણ શોધી રહી છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. જમૈકાના ગ્લેનર અખબાર અનુસાર, ફૂટબોલ મેચ પ્લેઝન્ટ હાઈટ્સમાં યોજાઈ રહી હતી, જે ભૂતકાળમાં હિંસાથી પ્રભાવિત હતી. પ્લેઝન્ટ હાઈટ્સ અગાઉ વેરીકા હિલ્સ તરીકે ઓળખાતી હતી.ફાયરિંગ બાદ પોલીસે આ વિસ્તારમાં ૪૮ કલાકનો કર્ફ્યુ લગાવી દીધો હતો.

## હિંદુ સંગઠને પોલીસની છબી ખરાબ કરવા બદલ નવાઝુદ્દીન સિદ્દીકી વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી છે

। મુંબઇ, તા.૨૩ ।

બોલિવૂડ એક્ટર નવાઝુદ્દીન સિદ્દીકીની ચર્ચાએ જોર પકડ્યું છે. વાસ્તવમાં હિન્દુ જનજાગૃતિ સમિતિ સંગઠને નવાઝુદ્દીન સિદ્દીકી પર મુંબઈ પોલીસની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો છે. સંસ્થા અભિનેતા સામે કાયદાકીય કાર્યવાહીની માંગ કરી રહી છે. અહેવાલ મુજબ હિન્દુ જનજાગૃતિ સમિતિએ મુંબઈ પોલીસ કમિશનર અને મહારાષ્ટ્ર પોલીસ વડા પાસે નવાઝુદ્દીન સિદ્દીકી વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહીની માંગ કરી છે. સંગઠને કહ્યું કે નવાઝુદ્દીને એક ઓનલાઈન ગેમિંગ એડમાં તેના પાત્રથી મહારાષ્ટ્ર પોલીસની ઈમેજ ખરાબ કરવાનો પ્રયાસ કર્યો છે.

## નોઈડામાં મિત્રોએ પ્રોપર્ટી ડીલરને ફોર્ચ્યુનર કારમાં જીવતો સળગાવીને મારી નાખ્યો

। નોઈડા, તા.૨૩ ।

ગ્રેટર નોઈડાના દાદરી પોલીસ સ્ટેશન વિસ્તારના નાગલા નૈનસુખ ગામ પાસે એક ફોર્ચ્યુનર કારમાં ભીષણ આગ લાગી હતી. કારમાં રહેલા પ્રોપર્ટી ડીલરને જીવતો સળગાવી દેવામાં આવ્યો હતો. ફોર્ચ્યુનર કાર રસ્તાથી ૧૦૦ મીટર દૂર જંગલમાં સળગતી મળી આવી હતી. આથી કારમાં આગ લગાવીને યુવાનની હત્યા કરવામાં આવી હોવાની આશંકા સેવાઈ રહી છે. આ આરોપ પ્રોપર્ટી ડીલરના બે મિત્રો પર લગાવવામાં આવ્યો છે. જેમને પણ પોલીસે કસ્ટડીમાં લીધા છે. માહિતી મળતાં પોલીસ અને સ્થાનિક લોકોએ કારની અંદર યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેનો મૃતદેહ મળી આવ્યો હતો.એડીસીપી ગ્રેટર નોઈડા અશોક કુમારનું કહેવું છે કે ગઈકાલે રાત્રે નાગલા નૈનસુખ ગામ પાસે ફોર્ચ્યુનર કાર યુપી ૧૪ જીસી ૩૬૦૯ સળગી ગયેલી મળી આવી હતી. કારની અંદર એક યુવક મૃત હાલતમાં મળી આવ્યો હતો, જેની ઓળખ ગાઝિયાબાદના નેહરુ નગરના રહેવાસી સંજય યાદવ તરીકે થઈ છે. દાદરી પોલીસ સ્ટેશને મૃતદેહનું પંચનામું ભરીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યું છે.

**૯૨૦ ખેડૂતો સામે એફઆઇઆર** | **રાજ્યમાં માત્ર ૧,૫૮૧ પરાલી સળગાવવાના કેસ નોંધાયા**

# પંજાબ સરકારે પરાલી બાળનારાઓ સામે લીધા પગલાં

। ચંડીગઢ,તા.૨૩ ।

પંજાબમાં પરાલી સળગાવતા ખેડૂતો પર કડકાઈની અસર દેખાવા લાગી છે. આ વર્ષે ૨૨ ઑક્ટોબર સુધીમાં, રાજ્યમાં માત્ર ૧,૫૮૧ પરાલી સળગાવવાના કેસ નોંધાયા છે. જ્યારે ૨૦૨૩માં ૧,૭૯૪ કેસ, ૨૦૨૨માં ૩,૬૯૬ અને ૨૦૨૧માં ૫,૪૩૮ કેસ નોંધાયા હતા.રાજ્યમાં પરાલી સળગાવવાની ઘટનાઓને કારણે વધી રહેલા વાયુ પ્રદૂષણને લઈને સુપ્રીમ કોર્ટે પણ ઠપકો આપ્યો હતો. ત્યારપછી સરકારે પરાલી સળગાવનાર ખેડુતો પર કડક કાર્યવાહી શરૂ કરી



છે. રાજ્યમાં માત્ર ૨૨ દિવસમાં ૯૨૦ ખેડૂતો વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. કુલ ૧૧ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. તેમાંથી ૯.૭૨ લાખ રૂપિયાની વસૂલાત કરવામાં આવી છે, જ્યારે ૪૩૭ રેડ એન્ટ્રી પણ કરવામાં આવી છે. ૨૦૨૧માં સરકારે તમામ દંડ માફ કરી દીધો હતો. ૨૦૨૨માં પણ એફઆઈઆર રદ કરવામાં આવી હતી.પરાલી સળગાવનારાઓ સામે કાર્યવાહીના હકારાત્મક પરિણામો હવે બહાર આવવા લાગ્યા છે. ગયા વર્ષની સરખામણીએ ૨૨ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ રાજ્યમાં ૩૦ સ્થળોએ પરાઠા સળગાવવામાં આવ્યા હતા, જ્યારે આ વર્ષે ૨૨ ઓક્ટોબરના રોજ ૭૧ જગ્યાએ પરાલી સળગાવવાના કેસ નોંધાયા છે. પરાલી સળગાવવાના ઓછા કેસો હોવા છતાં,એકયુઆઇ સ્તર અગાઉના વર્ષોની સરખામણીમાં કથળ્યું છે. કારણ કે ગત વર્ષની સરખામણીમાં અહીં એક દિવસમાં વધુ પરાલી સળગાવાઈ છે.સુપ્રીમ કોર્ટના ઠપકા બાદ વહીવટીતંત્ર એક્શનમાં આવ્યું છે, ત્યારે પીપીસીબી પણ રાજ્યમાં પરાલી મેનેજમેન્ટ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. આ અંતર્ગત વર્ષ ૨૦૨૩માં લગભગ ૧૫.૮૬ લાખ ટન પરાલીનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વર્ષે તે વધીને લગભગ ૧૯.૫૨ લાખ ટન થયું છે. એટલું જ નહીં આ વર્ષે રાજ્યમાં પીપીસીબી સ્ટ્રોમાંથી બ્રિકેટ્સ અને પેલેટ્સ તૈયાર કરવા માટે ૨૧ જેટલા નવા પ્લાન્ટ શરૂ કરવામાં આવી રહ્યા છે.

બોબી જિંદાલ, હેલી અને રામસ્વામીએ ટ્રમ્પની તરફેણ કરી

# યુએસના પ્રમુખપદના ઉમેદવાર હેરિસની ભારતીય મૂળના નેતાઓએ ટીકા કરી

## હેરિસની મેડિકેર યોજના ૧.૨ કરોડ ગેરકાયદે ઇમિગ્રન્ટ્સને "ગોલ્ડ-પ્લેટેડ" હેલ્થકેર આપશે । ત્રણ રિપબ્લિકન નેતાઓએ બાંયો ચડાવી



। વોશિંગ્ટન, તા.૨૩ ।

અમેરિકામાં ડેમોક્રેટિકની ટિકિટ પર પ્રમુખપદની ચૂંટણીમાં ઝુંકાવનાર ભારતીય મૂળના કમલા હેરિસ સામે ભારતીય મૂળના જ ત્રણ રિપબ્લિકન નેતાઓએ બાંયો ચડાવી છે. આ નેતાઓમાં બોબી જિંદાલ, નિક્કી હેલી અને વિવેક રામસ્વામીનો સમાવેશ થાય છે. તેમણે હેરિસની ઈમીગ્રેશન, આર્થિક અને વિદેશી નીતિઓની ભારે ટીકા કરી છે. સોશિયલ મીડિયા પર એક એડવર્ટાઇઝમેન્ટ તરીકે પ્રકાશિત એક વીડિયોમાં લુઈસિયાનાના પૂર્વ ગવર્નર બોબી જિંદાલે દાવો કર્યો છે હેરિસની મેડિકેર યોજના ૧.૨ કરોડ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને "ગોલ્ડ-પ્લેટેડ" હેલ્થકેર આપશે. આને કારણે ગેરકાયદેસર ઈમીગ્રેન્ટ્સનો અમેરિકામાં ધસારો થશે. લુઈસિયાનાના જ પૂર્વ ગવર્નર બોબી જિંદાલે હવે ટ્રમ્પને સમર્થન કરવાનું શરૂ કર્યું છે. આ ઉપરાંત દક્ષિણ કેરોલિનાના ગવર્ન નિક્કી હેલીએ અને બિઝનેસમેનમાંથી રાજકારણી બનેલા વિવેક રામસ્વામીએ પણ ટ્રમ્પના પ્રમુખપદની દાવેદારીને સમર્થન આપ્યું છે. રામસ્વામી છેલ્લાં ઘણાં વખતથી ટ્રમ્પ માટે પ્રચાર કરી રહ્યા છે. હેલીએ કહ્યું હતું કે બન્ને નેતાઓ વચ્ચેનું અંતર જોવું છે ત્યારે એમાં કોઇ શંકા નથી કે અમેરિકાના આગામી પ્રમુખ તરીકે ટ્રમ્પને જોવા માગું છું. કમલા હેરિસ અને ટિમ વોલ્ઝ નહિ ચાલે. કમલા હેરિસે જે કહ્યું છે તેને જુઓ. તેમને નથી લાગતું કે ગેરકાયદેસરના ઈમીગ્રેન્ટ્સ ગેરકાયદેસર છે.

પુરી અને પશ્ચિમ બંગાળના સમગ્ર પૂર્વ કિનારાને અસર થશે

# 'દાના' ચક્રવાત : ઓડિશા અને બંગાળમાં લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા સૂચના

## ઓડિશા અને પશ્ચિમ બંગાળ 'દાના' ચક્રવાત સામે ઝઝૂમવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને રાજ્યની સરકારોએ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય લીધો છે

। ભુવનેશ્વર, તા.૨૩ ।

ઓડિશા અને પશ્ચિમ બંગાળ 'દાના' ચક્રવાત સામે ઝઝૂમવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને રાજ્યની સરકારોએ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત, જોખમી વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવશે. ભારતીય તટરક્ષક દળને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.'દાના' ચક્રવાતથી પ્રભાવિત વિસ્તારોમાં ભારે વરસાદની આશંકા છે. હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહાપાત્રએ જણાવ્યું હતું કે, "પુરી અને પશ્ચિમ બંગાળના સમગ્ર પૂર્વ કિનારાને ચક્રવાતની અસર થશે. બંગાળની ખાડી પરનું





ડિપ્રેશન તીવ્ર ચક્રવાતી તોફાનમાં ફેરવાય તેવી શક્યતા છે, જે ૨૫ ઓક્ટોબરે પ્રતિ કલાક ૧૦૦-૧૧૦ કિમી.થી ૧૨૦ કિમી. સુધીની ઝડપે પુરી અને સાગર ટાપુ વચ્ચે ઓડિશા-પશ્ચિમ બંગાળના કિનારાને વટાવે તેવી શક્યતા છે. ઓડિશાના મંત્રીએ જણાવ્યું હતું કે, જોખમી વિસ્તારોમાંથી ખસેડવામાં આવનારા લોકો માટે ૮૦૦ આશ્રય સ્થાન તૈયાર કરાયા છે."ઓડિશના મંત્રી સુરેશ પુજારીએ જણાવ્યું હતું કે, "અત્યાર સુધીમાં અધિકારીઓએ દ્વારા લોકો માટે ભોજન, પાણી, દવા, વીજળી અને અન્ય જરૂરી ચીજો તૈયાર રાખવામાં આવી છે." 'દાના' ચક્રવાતને પગલે દક્ષિણ પૂર્વ ઝોનમાંથી પસાર થતી ૧૫૦થી વધુ એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેન રદ કરી દેવામાં આવી છે. રેલવે અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, રદ કરાયેલી ટ્રેન્સમાં હાવડા-સિકંદરાબાદ ફલકનુમા એક્સપ્રેસ, કામાખ્યા-યસવંતપુર એસી એક્સપ્રેસ, હાવડા-પુરી શતાબ્દી એક્સપ્રેસ, હાવડા-ભુવનેશ્વર શતાબ્દી એક્સપ્રેસ અને હાવડા-યસવંતપુર એક્સપ્રેસનો સમાવેશ થાય છે. ઓડિશા અને પશ્ચિમ બંગાળ 'દાના' ચક્રવાત સામે ઝઝૂમવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે બંને રાજ્યની સરકારોએ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત, જોખમી વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવશે. ભારતીય તટરક્ષક દળને પણ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

### ન્યૂઝ બ્રિફ



ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન વચ્ચેનો સંબંધ શરૂઆતથી જ દુનિયામાં ચર્ચાનો વિષય

## ઐશ્વર્યા રાયના ઘરે યોજાઈ પાર્ટી, અભિષેક ન પહોંચ્યો

। મુંબઇ, તા.૨૩ ।

ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન વચ્ચેનો સંબંધ શરૂઆતથી જ દુનિયામાં ચર્ચાનો વિષય રહ્યો છે. લગ્નથી લઈને અત્યાર સુધી દાંપત્યજીવનમાં જે કંઈ ચાલી રહ્યું છે તેના પર દરેકની નજર રહે છે. છેલ્લા ઘણા સમયથી ઐશ્વર્યા અને અભિષેકના સંબંધોમાં તિરાડ હોવાના અહેવાલો આવી રહ્યા છે. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે ઐશ્વર્યા-અભિષેક અનંત-રાધિકાના લગ્નમાં અલગ-અલગ પહોંચ્યા. આ પછી, અમે એક-બે વખત સિવાય ક્યારેય સાથે જોવા મળ્યા નથી. દરમિયાન મંગળવારે ઐશ્વર્યા રાય તેના પરિવાર સાથે સમય પસાર કરતી જોવા મળી હતી. આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.અભિષેક બચ્ચનથી છૂટાછેડાની અફવાઓ સામે ઝઝૂમી રહેલી અભિનેત્રી તેની પુત્રી આરાધ્યા બચ્ચન અને તેની માતા બ્રિન્દા રાય સાથે એક ખાનગી જન્મદિવસની પાર્ટીમાં જોવા મળી હતી.



## દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે દીકરીને કરોડોની ગિફ્ટ આપી!

। મુંબઇ, તા.૨૩ ।

૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, દીપિકા પાદુકોણ અને રણવીર સિંહના ઘરમાં હાસ્ય ગુંજી ઉઠ્યું. દંપતીએ તેમના પ્રથમ બાળકનું સ્વાગત કર્યું. દીપિકા-રણવીર એક દીકરીના માતા-પિતા બની ગયા છે અને આ તેમની લિટલ એન્જલની પહેલી દિવાળી હશે. અત્યાર સુધી દીપિકા-રણવીર પોતાની દીકરીને બધાની નજરથી દૂર રાખતા હતા. જોકે, આ કપલની દીકરીની પહેલી ઝલક માટે ચાહકો આતુર શ્વાસ સાથે રાહ જોઈ રહ્યા છે. દિવાળીના થોડા દિવસો પહેલા જ દીપિકા-રણવીરે પોતાની દીકરી માટે કરોડોની ગિફ્ટ ખરીદી છે.વાસ્તવમાં, રણવીર સિંહ અને દીપિકા પાદુકોણે એક નવી લક્ઝુરિયસ રેન્જ રોવર કાર ખરીદી છે, જેની કિંમત ૪.૭૪ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. બોલિવૂડ હંગામાના અહેવાલ મુજબ, રણવીર સિંહે તેની પત્ની દીપિકા પાદુકોણના પ્રથમ બાળકના આગમનના થોડા અઠવાડિયા પછી જ પોતાને એક મોંઘી રેન્જ રોવર ૪.૪ ન્ઉમ ભેટમાં આપી હતી.

## બ્રિક્સ નેતાઓ માટે આયોજિત રાત્રિભોજનમાં મોદીનું સ્વાગત કર્યું

। કઝાન, તા.૨૩ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મંગળવારે રાત્રે બ્રિક્સ નેતાઓ માટે આયોજિત ડિનરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું. આ પ્રસંગે બંને નેતાઓ ઉષ્માભેર હાથ મિલાવતા જોવા મળ્યા હતા. ડિનર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ અન્ય નેતાઓ સાથે મ્યુઝિક કોન્સર્ટ માણતા જોવા મળ્યા હતા. તમને જણાવી દઈએ કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પણ ડિનરમાં જોવા મળ્યા હતા. બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગ પણ મળવાના છે. વર્તમાન વૈશ્વિક સંજોગોને જોતા સમગ્ર વિશ્વની નજર એશિયાના બે મોટા નેતાઓ વચ્ચેની બેઠક પર છે.આ પહેલા મંગળવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથેની વાતચીત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે રશિયા-યુક્રેન સંઘર્ષ શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ. તેમણે કહ્યું કે ભારત આ યુદ્ધને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે તમામ શક્ય સહયોગ આપવા તૈયાર છે. ँર મોદીએ ૧૬મી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે રશિયાના કઝાન શહેરમાં પહોંચ્યાના કલાકો બાદ પુતિન સાથે દ્વિપક્ષીય વાતચીત કરી હતી.

શાળા મેનેજમેન્ટને મળેલા ઈમેલથી સર્જાયો ભયનો માહોલ

## સીઆરપીએફ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

### ધમકી મળ્યા બાદ પોલીસ ફોર્સ એલર્ટ પર છે અને ધમકીઓની તપાસ કરવામાં આવી રહી છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં સીઆરપીએફ દ્વારા સંચાલિત ઘણી શાળાઓને બોમ્બની ધમકી મળી છે. ધમકી મળ્યા બાદ પોલીસ ફોર્સ એલર્ટ પર છે અને ધમકીઓની તપાસ કરવામાં આવી રહી છે. જે શાળાઓને ધમકીઓ મળી છે તેમાં બે દિલ્હીમાં અને એક હૈદરાબાદમાં છે. ઉલ્લેખનીય છે કે આ દિવસોમાં દેશની વિવિધ એરલાઈન્સને પણ બોમ્બની ધમકીઓ મળી રહી છે. જેના કારણે વિવિધ એરલાઈન્સને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. પોલીસે જણાવ્યું કે સ્કૂલ મેનેજમેન્ટને ઈમેલ દ્વારા બોમ્બની આ ધમકીઓ મળી હતી. નોંધનીય છે કે આ ધમકીઓ દિલ્હીના રોહિણી સ્થિત સીઆરપીએફ સ્કૂલની દિવાલ પાસે બોમ્બ વિસ્ફોટના એક દિવસ બાદ મળી હતી. બોમ્બ વિસ્ફોટમાં કોઈ જાનહાની થઈ ન હતી, પરંતુ આસપાસની દુકાનો અને વાહનોના કાચ તૂટી ગયા હતા. પોલીસ આ બોમ્બની ધમકીઓની તપાસ કરી રહી છે અને હાઈ એલર્ટ પર છે.દિલ્હીમાં સીઆરપીએફ સ્કૂલ પાસે થયેલા બોમ્બ બ્લાસ્ટની દિલ્હી પોલીસ ખાલિસ્તાન એંગલથી તપાસ કરી રહી છે. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર શેર કરાયેલ એક પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સીઆરપીએફ સ્કૂલ પાસે બોમ્બ બ્લાસ્ટ ભારતીય એજન્ટો દ્વારા ખાલિસ્તાન સમર્થકોને નિશાન બનાવવાના જવાબમાં કરવામાં આવ્યો હતો. દેશમાં સીઆરપીએફ દ્વારા સંચાલિત ઘણી શાળાઓને બોમ્બની ધમકી મળી છે. ધમકી મળ્યા બાદ પોલીસ ફોર્સ એલર્ટ પર છે.


પ્રિયંકા ગાંધી વાડ્રાએ વાયનાડથી ઉમેદવારી પત્ર ભર્યું

# મારા પિતા રાજીવ ગાંધી સાથે ૧૭ વર્ષની ઉંમરે પ્રથમ વખત ચૂંટણી પ્રચારમાં જોડાઈ હતી : ગાંધી

### રાહુલ ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા,કોંગ્રેસ પ્રમુખ પણ હાજર હતા । રોડ શોમાં રાહુલ ગાંધી ઉપરાંત પ્રિયંકાની માતા સોનિયા ગાંધી અને પતિ રોબર્ટ વાડ્રા પણ હાજર હતા

। વાયનાડ,તા.૨૩ ।

પ્રિયંકા ગાંધી વાડ્રાએ વાયનાડથી પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી છે.આ દરમિયાન તેમના માતા સોનિયા ગાંધી, ભાઈ અને લોકસભા સાંસદ રાહુલ ગાંધી અને તેમના પતિ રોબર્ટ વાડ્રા તથા કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને અન્ય ઘણા નેતાઓ,સ્થાનિક આગેવાનો હાજર રહ્યાં હતાં ઉમેદવારી ફોર્મ ભર્યા બાદ તેમણે તેમના ભાઈ રાહુલ ગાંધી સાથે રોડ-શો કર્યો હતો. આ રોડ શોમાં રાહુલ ગાંધી ઉપરાંત પ્રિયંકાની માતા સોનિયા ગાંધી અને પતિ રોબર્ટ વાડ્રા પણ હાજર હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી, છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલ અને અન્ય પાર્ટીના નેતાઓએ




પણ આ રોડ શોમાં ભાગ લીધો હતો. તમને જણાવી દઈએ કે પ્રિયંકા ગાંધી વાયનાડ પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર નવ્યા હરિદાસનો સામનો કરવા જઈ રહી છે. પણ તેમની સાથે હાજર હતા.એક જાહેર સભાને સંબોધતા કોંગ્રેસના મહાસચિવ અને વાયનાડ મતવિસ્તારના ઉમેદવાર પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, "છેલ્લા ૩૫ વર્ષથી હું અલગ-અલગ ચૂંટણીઓ માટે પ્રચાર કરી રહી છું.આ પ્રસંગે કહ્યું હતું કે તેણીનો જન્મ ૧૯૮૯માં થયો હોવાથી તેમને રાજકારણમાં ૩૫ વર્ષનો અનુભવ છે. તેણી તેના પિતા રાજીવ ગાંધી સાથે ૧૭ વર્ષની ઉંમરે પ્રથમ વખત ચૂંટણી પ્રચારમાં જોડાઈ હતી. ત્યારથી ૩૫ વર્ષમાં તેણીએ તેની માતા સોનિયા ગાંધી સાથે કામ કર્યું છે. તેમના ભાઈ રાહુલ ગાંધી અને પાર્ટીના અન્ય સાથીદારો માટે પ્રચાર કર્યો.

## હસન નસરાલ્લાહ બાદ હવે ઇઝરાયલે સફીઉદ્દીનની હત્યા કરી

। ગાઝા, તા.૨૩ ।

હિઝબુલ્લાહ સામે ઈઝરાયેલનું લશ્કરી અભિયાન સતત તીવ્ર બની રહ્યું છે. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહ બાદ હવે ઈઝરાયેલે તેના સંભવિત અનુગામી હાશેમ સફીદીનને મારી નાખ્યો છે. ઈઝરાયેલની સેનાએ સફીઉદ્દીનના મોતની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલી સૈન્યનું કહેવું છે કે ત્રણ અઠવાડિયા પહેલા બેરૂતમાં હવાઈ હુમલામાં સફીદીન માર્યો ગયો હતો. ઈઝરાયેલના નિવેદન પર હિઝબુલ્લાએ હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.હાશેમ સફીદીન હિઝબુલ્લાહના સૌથી વરિષ્ઠ લશ્કરી-રાજકીય મંચ, શુરા કાઉન્સિલના સભ્ય હતા.

## બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપતિના રાજીનામાની માંગ કરી

। ઢાકા, તા.૨૩ ।

થોડા મહિના પહેલા બાંગ્લાદેશમાં થયેલા હિંસક વિરોધ બાદ શેખ હસીનાએ દેશ છોડીને ભારત આવવું પડ્યું હતું. શેખ હસીનાએ દેશ છોડ્યા પછી બાંગ્લાદેશમાં મોટા પાયે હિંસા થઈ હતી અને લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ લાંબા સમયથી સ્થિતિ સામાન્ય હોવાનો દાવો કરી રહ્યા છે. આ દરમિયાન બાંગ્લાદેશના વિદ્યાર્થીઓએ ફરી વિરોધ શરૂ કર્યો છે. હવે વિદ્યાર્થી સંગઠને મંગળવારે ઢાકામાં પ્રદર્શન કરીને પ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીનને પદ પરથી હટાવવાની માંગ કરી છે.થોડા મહિના પહેલા જ બાંગ્લાદેશમાં શેખ હસીના સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરનાર એક અગ્રણી વિદ્યાર્થી સંગઠને ઢાકામાં પ્રદર્શન કર્યું હતું અને રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીનને હટાવવાની માંગ કરી હતી. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ કહ્યું કે રાષ્ટ્રપતિ ફાસીવાદના સાથી છે. તે નરસંહારની તરફેણમાં હતો. અમે તેમના રાજીનામાની માંગ કરીએ છીએ.

ઇઝરાયેલની વાયુસેનાએ ઘાતક હવાઈ હુમલા કર્યા

હુમલાઓમાં લેબનોનની સૌથી મોટી સાર્વજનિક હોસ્પિટલને ભારે નુકસાન થયું । લેબનાના સ્વાસ્થ્ય અધિકારીઓએ આ અંગેની માહિતી આપી

# ઇઝરાયેલે બેરૂતમાં બોમ્બ વરસાવ્યો ૧૨ થી વધુ લોકોના મોત; ૫૭ ઘાયલ

। બેરૂત, તા.૨૩ ।

લેબનોનમાં આતંકી સંગઠન હિઝબુલ્લાહના અડ્ડાઓને ઈઝરાયેલ સતત નિશાન બનાવી રહ્યું છે. દરમિયાન, ઈઝરાયેલની વાયુસેનાએ બેરૂત અને તેની આસપાસ ઘાતક હવાઈ હુમલા કર્યા છે. ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ૧૨ થી વધુ લોકોના મોત થયા છે. આ હુમલાઓમાં લેબનોનની સૌથી મોટી સાર્વજનિક હોસ્પિટલને ભારે નુકસાન થયું છે. લેબનાના સ્વાસ્થ્ય અધિકારીઓએ આ અંગેની માહિતી આપી છે.લેબનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલના હવાઈ હુમલામાં અન્ય ૫૭ લોકો ઘાયલ પણ થયા છે. આ હુમલામાં દક્ષિણી બેરૂતની બહાર રફીક હરીરી યુનિવર્સિટી હોસ્પિટલની સામેની કેટલીક



ઈમારતો પણ ધ્વસ્ત થઈ ગઈ હતી. ઈઝરાયેલની સેનાએ વિગતો આપ્યા વિના કહ્યું કે તેણે હિઝબુલ્લાહના સ્થાનો પર હુમલો કર્યો છે. સેનાએ હોસ્પિટલને નિશાન બનાવ્યું ન હતું.હિઝબુલ્લાહે પણ મધ્ય ઈઝરાયેલમાં અનેક રોકેટ ફાયર કરીને બદલો લીધો હતો. હિઝબુલ્લાહ દ્વારા કરવામાં આવેલા આ હુમલાથી કોઈ નુકસાન થયું નથી. અમેરિકી વિદેશ મંત્રી એન્થોની બ્લિંકન ગાઝા યુદ્ધવિરામ વાટાઘાટો ફરી શરૂ કરવાના મિશન પર આ વિસ્તારમાં પહોંચ્યા તેના કલાકો પહેલાં આ હુમલો થયો હતો. ઈઝરાયેલની સેનાએ કહ્યું કે લેબનોનથી ઈઝરાયેલમાં રોકેટ છોડવામાં આવ્યા હતા અને તેમાંથી મોટાભાગનાને એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા હવામાં જ નષ્ટ કરી દેવામાં આવ્યા હતા.આ દરમિયાન અહીં એ પણ જણાવી દઈએ કે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસને નષ્ટ કરવાનો અને આતંકવાદી જૂથ દ્વારા બંધક બનાવાયેલા ડઝનબંધ લોકોને મુક્ત કરવાનું વચન આપ્યું છે.

ત્રેતાયુગની ઝલક | રામ કી પૌરી પર એક સાથે ૨૫ લાખ દીવા પ્રગટાવીને વિશ્વ વિક્રમ સર્જાશે

# અયોધ્યામાં ૩૫ લાખ દીવા પ્રગટાવવાનો વર્લ્ડ રેકોર્ડ

। અયોધ્યા, તા.૨૩ ।

આ વખતે પણ અયોધ્યામાં દીપોત્સવનો વર્લ્ડ રેકોર્ડ બનશે. રામ કી પૌરી પર એક સાથે ૨૫ લાખ દીવા પ્રગટાવીને વિશ્વ વિક્રમ સર્જાશે. સાથે જ અયોધ્યા શહેર વિસ્તારમાં પણ ૧૦ લાખ દીવા પ્રગટાવવામાં આવશે.આ રીતે ૩૫ લાખ દીવા પ્રગટાવવામાં આવશે. રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શ્રી રામ, જાનકી અને લક્ષ્મણ સ્વરૂપની પૂજા કરશે. આ સાથે શ્રી રામનો પ્રતિકાત્મક



રાજ્યાભિષેક કરવામાં આવશે.પર્યટન અને સંસ્કૃતિ મંત્રી જયવીર સિંહે દીપોત્સવની તૈયારીઓની સમીક્ષા બેઠકમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પર્યટન અને સંસ્કૃતિ વિભાગ, સ્થાનિક વહીવટીતંત્ર સાથે સંકલન કરીને, ૨૮ થી ૩૦ ઓક્ટોબર સુધી અયોધ્યામાં વિવિધ સ્થળોએ રામાયણની ઘટનાઓ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરશે. જેમાં દેશી-વિદેશી કલાકારો દ્વારા કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.દસ મોટા સાંસ્કૃતિક પ્લેટફોર્મ બનાવવામાં આવી રહ્યા છે. આના પર અત્યાધુનિક ટેક્નોલોજી સાથે ત્રેતાયુગની ઝલક બતાવવામાં આવશે. ૩૦મી ઓક્ટોબરે રામપથ, રામકથા પાર્ક, રામ કી પૈડી અને સરયૂ બીચ વગેરે પર મુખ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. રામાયણના વિવિધ એપિસોડ પર આધારિત ટેબ્લોક્સ અને ૩૦ કલાકારો સાથેની ટીમ દ્વારા રામપથ મોબાઈલ પરફોર્મન્સનું ઉદ્ઘાટન કરવામાં આવશે. શ્રી રામ, સીતા અને લક્ષ્મણના સ્વરૂપો હેલિકોપ્ટરમાંથી રામકથા પાર્ક હેલિપેડ પર પ્રતીકાત્મક ફૂલ પ્લેન દ્વારા નીચે આવશે. જયવીર સિંહે જણાવ્યું કે આ પ્રસંગે પ્રવાસન વિભાગની એપ અને અનેક ટેબલબુકનું વિમોચન કરવામાં આવશે. આ પ્રસંગે મલેશિયા, મ્યાનમાર, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, કંબોડિયા અને નેપાળના કલાકારો દ્વારા રામલીલા રજૂ કરવામાં આવશે.

## દિવાળીના તહેવાર પર ચાર દિવસની રજા જાહેર

। અમદાવાદ, તા.૨૩ ।

રાજ્ય સરકારના કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ માટે ચાર દિવસની રજા જાહેર કરવામાં આવી છે. જેમાં દિવાળી બાદ પડતર દિવસે પણ રજા જાહેર કરાઈ છે. જેને લઈને સરકારી કર્મચારીઓમાં ખુશીનો માહોલ છે.રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પરિપત્ર અનુસાર, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ મુજબ તા.૩૧-૧૦-૨૦૨૪ ગુરુવારે દિવાળીની રજા, તા.૨-૧૧-૨૦૨૪ શનિવારના રોજ નૂતન વર્ષની રજા તથા તા.૩-૧૧-૨૦૨૪ રવિવારના દિવસે ભાઈબીજ નિમિત્તે જાહેર રજા આવે છે. આ વચ્ચે તા.૧-૧૧-૨૦૨૪ શુક્રવારના રોજ સરકારી કચેરીઓ ચાલુ રહેવાની હતી. જોકે, દિવાળી પર્વમાં સરકારી કર્મચારી/અધિકારીઓ તહેવારો માણી શકે.

### સુરતમાં ઇલેક્ટ્રિક બાઇકની ફેક્ટરી શરૂ કરી

# ફેક્ટરીમાં ભાગીદારી તથા ડિરેક્ટર બનાવાની લાલચ આપી રૂપિયા ૨.૯૭ કરોડની છેતરપિંડી

### સુરતની ઇકો સેલ પોલીસે સસરા-પુત્રવધુને ફિલ્મીઢબે હરિયાણાના ગુરૂગ્રામથી ઝડપી પાડ્યા

। માહિતી બ્યુરો, સુરત,તા.૨૩ ।

સુરતમાં ઈલેક્ટ્રિક બાઈકની ફેક્ટરી શરૂ કરી રૂપિયા ૨.૯૭ કરોડની છેતરપિંડીની ઘટનામાં સુરતની ઈકો સેલ પોલીસે સસરા-પુત્રવધુને ફિલ્મીઢબે હરિયાણાના ગુરૂગ્રામથી ઝડપી પ ાડ્યા છે. આરોપીઓએ ફરિયાદીને ઈલેક્ટ્રિક બાઈકની ફેક્ટરી શરૂ કરી તેમાં ડિરેકટર બનાવવાની લાલચ આપી હતી. તે ઉપરાંત ફેક્ટરીમાં ભાગીદાર બનાવવાની પણ લોભામણી લાલચ આપી હતી. આરોપીઓએ જે બહાને ફરિયાદી પાસે રૂપિયા ૨.૯૭ કરોડ પડાવી લીધા હતા. ફરિયાદીને વિશ્વાસ બેસે તે માટે સ્ટેમ્પ પેપર ઉપર ડિરેકટર અને ભાગીદારી હોય તેવું બતાવી સાઈન કરવામાં આવ્યું




હતું. થોડા મહિનાઓ બાદ આરોપ ીઓ ફોન બંધ કરી ફરાર થઈ ગયા હતા. જે મામલે ફરિયાદીએ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં આરોપી વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ સુરત ઈકો સેલ પોલીસને સોપવામાં આવી હતી. રૂપિયા કમાવવાની લાલચમાં ઘણા સોર્ટકટ રસ્તાઓ અપનાવાયઃ આ બાબતે સુરત ઈકો સેલ પ ોલીસ સ્ટેશનના એસીપી જી.એસ. સરવૈયાએ જણાવ્યું કે, 'સુરત શહેર વિસ્તાર મોટા વેપાર ધંધા સાથે સંકળાયેલો છે. અને આધુનિક જમાનાથી અત્યાધુનિક જમાના તરફ જતા લોકોને ઝડપી રૂપિયા કમાવવાની લાલચમાં ઘણા સોર્ટકટ રસ્તાઓ અપનાવતા હોય છે. જેમાં ઘણી વખત તક સાધુઓ આવા લોકોનો ફાયદો ઉઠાવી તકનો લાભ ઉઠાવીને છેતરપિંડી કરતા અને લોકોના રૂપિયા પડાવી લેતા જોવા મળે છે. સુરત શહેરના પોલીસ કમિશનરે અભિગમ દાખવી સુરત શહેરમાં વેપાર કરતા વેપારીઓ શાંતિપૂર્વક તથા કોઈપણ જાતના છેતરપીંડીના ભય વગર પોતાનો વેપાર કરી શકે તેવું વાતાવરણ પુરૂં પાડવા માટે કમરકસી હોય છે.જે ઘટનાની ફરિયાદ અન્વયે વેપાર ધંધામાં ઊંચા નફાની લોભામણી લાલચ આપી છેતરપિંડી કરનાર વિરૂધ્ધ તટસ્થ તપાસ કરી આરોપ ીઓને પકડી પાડવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

### બિઝનેસ જેહાદ કરનાર આરોપીની ધરપકડ

### રિઝવાન સૈયદ નામના આરોપીની ધરપકડ કરી છે, હિન્દુ નામ ધારણ કરી કાપડ ખરીદી બારોબાર વેચીને ૭૨ લાખ રૂપિયા છેતરપિંડી કરી હતી

# સુરતમાં કાપડના વેપારી સાથે ૭૨ લાખની છેતરપિંડી કરવામાં આવી

। પ્રતિનિધિ, સુરત,તા.૨૩ ।

સુરતમાં લવજેહાદ બાદ બિઝનેસ જેહાદ જોવા મળી રહી છે. બિઝનેસ જેહાદ કરનાર આરોપીની ધરપકડ કરી છે. રિઝવાન સૈયદ નામના આરોપ ીની ધરપકડ કરી છે. હિન્દુ નામ ધારણ કરી કાપડ ખરીદી બારોબાર વેચીને ૭૨ લાખ રૂપિયા છેતરપિંડી કરી હતી.આ કાંડની ખાસિયત એવી હતી કે આરોપીએ જીએસટી નંબર લઈ હિંદુ નામ ધારણ કર્યુ હતું. પ ોલીસે આરોપી રિઝવાન સહિત તેને મદદ કરનારાની ધરપકડ કરી છે. અમરોલી વરિયાવા રિવાન્ટા ગાર્ડન સિટીમાં કાપ ડના વેપારી પ્રજ્ઞેશ વાઘાણીએ ઉધના પોલીસમાં ફરિયાદ આપી છે. આ ફરિયાદના આધારે પ ોલીસે હિંદુ નામ ધારણ કરીને છેતરપિંડી કરનારા રિઝવાન સૈયદ આબિદ હુસૈન, જગદીશ કુમાવત, મહેશ ભાલાણી, દલાલ મોહંમદ અને અનિલ ચેવલીની સામે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે.ખટોદરા સબજેલની પાછળ કડીવાલા હાઉસમાં ગ્રે-કાપ ડનું કારખાનાનું રિઝવાન સૈયદ હિંદુ જગદીશ કુમાવતના નામે ચલાવતો હતો. તેણે સિમકાર્ડ અને ભાડાં કરાર સહિતના ડોક્યુમેન્ટ પણ જગદીશ કુમાવતના નામે બનાવ્યા હતા. તે વેપારીઓને તેની ઓળખ જગદીશ તરીકે આપતો હતો. રિઝવાન સૈયદની ફેક્ટરીએ વેપ ારી રૂપિયાની ઉઘરાણી કરવા જતો હતો.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya